**આજનો સુવિચાર**

દરેકની આંખો સરખી હોય છે પણ જોવાની દ્રષ્ટી અલગ અલગ હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૪૬ જૂનાગઢ તા.૦૩-૦૨-૨૦૨૫ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 46, Junagadh : Date : 03 February, 2025, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ડોલર સામે રૂપિયાની ઐતિહાસીક ડૂબકી : ૮૭.૧૭ની નવી નીચી સપાટીએ પહોંચ્યો

## ટ્રમ્પએ ચીન, કેનેડા, મેકસીકો વિરૂધ્ધ ટ્રેડવોર શરૂ કરતા તેની પ્રતિકુળ અસર ભારતને પણ થશે : ૨૫ ટકા ટેરીફ લાદવાની આશંકાને પગલે શેરબજારમાં પણ કડાકો

મુંબઈ,તા.૩

શેરબજાર માટે નવા નાણાકીય વર્ષનું બજેટ ઈવેન્ટલેશ બન્યાના માહોલ બાદ હવે તેની પ્રતિકુળ અસર આવવા લાગી હોય તેમ ગાબડુ પડયું હતું. બીજી તરફ કરન્સી માર્કેટમાં પણ ડોલર સામે રૂપિયાની મહાડુબકી લાગી હતી અને ૫૫ પૈસાના કડાકા સાથે રૂપિયો ૮૭.૧૭ની નવી નીચી સપાટીએ ધસી ગયો હતો.

અમેરિકાએ ટ્રેડવોર શરૂ કરીને ચીન, કેનેડા, મેકસીકો સામે વધારાની ડયુટી લાદતા ભારતને પણ અસર થવાની આશંકા છે. ભારતીય નિકાસને ફટકો પડવાના ભણકારા હતા. ટ્રેડવોરની ઈફેકટ હોય તેમ કરન્સી માર્કેટમાં અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો ૫૫ પૈસાના ઘટાડાથી રૂા.૮૭.૧૭ સાંપડયો હતો. બીજી તરફ શેરબજારમાં પણ ભારે ગાબડુ પડયુંહતું. બજેટનો માર્કેટ પર કોઈ સીધો પ્રભાવ ન હતો એટલે ટ્રેડવોરની ભીતિ નબળો રૂપિયો વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલી એવા કારણોથી નીચે ઉતરી ગયુંહતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ૧૨ લાખ સુધીની આવક કર મુક્ત થતાં માર્કેટમાં



નવું રોકાણ આવી શકે છે પરંતુ આ રોકાણ પરની કમાણી કરપાત્ર બની જાય તેમ હોવાથી ઈન્વેસ્ટરોમાં અસર દેખાઈ હતી. હવે રીઝર્વ બેંકની ધીરાણ નીતિ તથા રજુ થનારા નવા ઈન્કમટેક્સ બીલ પર નજર છે.આજે બપોરે ૧૨.૩૦ કલાકે સેન્સેકસમાં ૫૦૦ પોઈન્ટનું ગાબડું હતું.

# મહાકુંભનું આજે છેલ્લુ અમૃત સ્નાન : પાંચ કરોડ શ્રધ્ધાળુઓ ઉમટયા



## સંભવીત કોઈપણ દુર્ઘટના અટકાવવા લોખંડી બંદોબસ્ત તૈનાત : વહેલી સવારે અખાડાના સાધુઓ-સંતોએ સ્નાન કર્યુ

નવી દિલ્હી,તા.૩

પ્રયાગરાજમાં આજે વસંતપંચમીના પાવન અવસરે ત્રીજુ અમૃતસ્નાન યોજાઈ રહ્યું છે. અખાડાના સાધુ સંતો દ્વારા સ્નાનની શરૂઆત થયા બાદ કરોડો શ્રદ્ધાળુ ઉમટયા હતા. આ તકે હેલીકોપ્ટરમાંથી પુષ્પવર્ષા કરવામાં આવી હતી. મૌની અમાવસ્યાની જેમ કોઈ દુર્ઘટના કે અનિચ્છનીય બનાવ ન બને તે માટે લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલા અને ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા મહાકુંભમા આજે ત્રીજુ પવિત્ર અમૃતસ્નાન છે. ત્રિવેણી સંગમ પર અખાડાઓની સાથોસાથ શ્રદ્ધાળુઓએ પણ ડુબકી લગાવી હતી. આજે પાંચ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ અમૃતસ્નાન કરે તેવો અંદાજ મુકવામાં આવી રહ્યો છે અને તેને ધ્યાનમાં રાખીને અભૂતપૂર્વ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મૌની અમાવસ્યા જેવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે વધુ અધિકારીઓ ઉપરાંત સેંકડો સુરક્ષા અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

## મૌની અમાવસ્યાના દિવસે મહાકુંભમાં થયેલી નાસભાગના મૃત્યુઆંક સાથે છેડછાડ કરાઈ હોવાનો આક્ષેપ : FIR નોંધવા માંગણી

નવી દિલ્હી તા.૩ :

મૌની અમાવસ્યા પર પ્રયાગરાજ મહાકુંભમાં નાસભાગ મચી હતી, આ ઘટનામાં ૩૦ લોકોના મોત થયા હતા. જો કે, વિપક્ષી પાર્ટીઓ સહિત ઘણા લોકો સરકાર પર મૃત્યુઆંક છુપાવવાનો આરોપ લગાવી રહ્યા છે.

હવે આઝાદ અધિકાર સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતાભ ઠાકુરે એફઆઈઆર દાખલ કરવાની માંગણી છે અને મહાકુંભમાં મૃત્યુના આંકડાઓ સાથે ચેડાં કરવા અને તેનાથી સંબંધિત અન્ય ગુનાહિત કૃત્યોના સંબંધમાં તપાસની માંગ કરી છે. પૂર્વ આઈજી અમિતાભ ઠાકુરે પ્રયાગરાજ ઈન્સ્પેક્ટર કોતવાલીને ફરિયાદ પત્ર મોકલ્યો છે. આ ફરિયાદ પત્રમાં, આઝાદ અધિકાર સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ, અમિતાભ ઠાકુરે કહ્યું છે કે તાજેતરમાં ત્રણ સ્થળોએ નાસભાગની ઘટનાના સંબંધમાં, સત્તાવાર રીતે ૩૦ લોકોના મોત થયા હોવાનું કહેવાય છે. અમિતાભ ઠાકુરે ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, "વિવિધ વિશ્વસનીય મીડિયા અહેવાલો એ સાબિત કરે છે કે મૃત્યુઆંક ઓછામાં ઓછો ૬૭ છે. તે સાથે, વિવિધ મીડિયા અહેવાલોમાં પણ મૃત્યુઆંક ૧૦૦ સુધી હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે."




# ઈન્કમટેકસ પછી હવે જીએસટીનો વારો ૧૨ ટકાનો સ્લેબ સમાપ્ત થશે ?

નવી દિલ્હી, તા.૩:

સરકારે બજેટ ૨૦૨૫માં આવકવેરા સ્લેબમાં ફેરફાર કરીને ૧૨ લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્ત કરીને મધ્યમ વર્ગને મોટી રાહત આપી છે. હવે મોદી સરકાર GST માળખાને સરળ અને તર્કસંગત બનાવવાની તૈયારી કરી રહી છે. તેના માટે, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ચર્ચા થઈ છે, જેમાં ૧૨% સ્લેબને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કહેવામાં આવ્યું છે.

GST હેઠળ દર દેખરેખ માટે રચાયેલા મંત્રીઓના જૂથે શૂન્ય, ૫%, ૧૨%, ૧૮% અને ૨૮% ના મુખ્ય સ્લેબમાં સમાવિષ્ટ વસ્તુઓ પર વિગતવાર ચર્ચા કરી છે અને કઈ વસ્તુઓને મૂકવી જોઈએ તે શોધવાનો પ્રયાસ કર્યો છે. ઊંચા કે નીચલા સ્લેબમાં. તેને સમાવિષ્ટ કરવાની જરૂર છે. જોકે, પેનલે હજુ પણ ત્રણ મુખ્ય સ્લેબ સાથે ૧૨%ના GST સ્લેબને જાળવી રાખવાનો પ્રસ્તાવ મૂકયો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જીઓએમના સભ્યોએ કેટલીક વસ્તુઓને ૧૨% થી ૧૮% અથવા ૫% સ્લેબમાં ખસેડવાની ભલામણ કરી હતી. જોકે, તેમણે કેટલીક વસ્તુઓ સાથે ૧૨% સ્લેબ જાળવી રાખવાનો પ્રસ્તાવ પણ મૂકયો હતો જે જીએસટી શાસનને વિક્ષેપિત કરશે. જે સરળીકરણના ઉદ્દેશ્ય સાથે અસંગત છે.

## વિશ્વના ૧૦ શક્તિશાળી દેશોની ફોર્બ્સની યાદીમાંથી ભારત બહાર

નવી દિલ્હી તા.૩

ફોર્બ્સે ૨૦૨૫માં વિશ્વના ૧૦ સૌથી શકિતશાળી દેશોની રેન્કિંગ જાહેર કર્યુ છે, જેમાં ભારતને ટોપ ૧૦માંથી બહાર રાખવામાં આવ્યું છે. આ યાદી ઘણા મહત્વપૂર્ણ ધોરણો પર આધારિત છે, પરંતુ વિશાળ વસ્તી, ચોથી સૌથી મોટી સેના અને પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતા ભારત જેવા દેશને બહાર રાખવાથી ઘણા સવાલો ઉભા થઈ રહ્યા છે.

ફોર્બ્સે કહ્યું કે આ યાદી યુએસ ન્યૂઝ તરફથી તૈયાર કરવામાં આવી છે અને રેન્કિંગ માટે પાંચ મુખ્ય ધોરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ યાદીને કોઈપણ દેશમાં તેના નેતાઓ, આર્થિક પ્રભાવ, રાજકીય પ્રભાવ, મજબૂત આંતરરાષ્ટ્રીય ગઠબંધન અને મજબૂત સૈન્યના આધાર પર તૈયાર કરવામાં આવી છે. ભારતને બહાર રાખવા પર સવાલ ભારતની વિશાળ વસ્તી, લશ્કરી તાકાત અને આર્થિક પ્રગતિને ધ્યાનમાં રાખીને તેને આ યાદીમાંથી બહાર રાખવું આશ્ચર્યજનક છે. ભારતની ચોથી સૌથી મોટી સેના અને પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા હોવા છતાં તેને આ રેન્કિંગમાં સ્થાન આપવામાં આવ્યું નથી. તેનાથી ઘણા નિષ્ણાતો અને લોકોમાં સવાલો ઉભા થયા છે કે શું ફોર્બ્સની રેન્કીંગ પદ્ધતિ ભારતના પ્રભાવને યોગ્ય આંકવામાં નિષ્ફળ રહી છે.




**ફ્લેટ ભાડે/વેચવાનો છે**

- ૨ BHK, લીફ્ટ, સીસીટીવી કેમેરાની સુવિધા ઉપલબ્ધ
- ટીપટોપ કન્ડીશન માં વેચવાનો/ભાડે આપવાનો છે.

૪૦૧, અલ-અમીન એપાર્ટમેન્ટ, ચોથા માળે, કલેકટર ઓફીસની પાછળ, સરદારબાગની અંદર, જૂનાગઢ.
મો. ૭૬૦૦૬ ૯૮૮૮૮

**બંગલો વેચવાનો છે**

**4 BHK**

૯૬ પંચવટી, ઝાંઝરડા રોડ, ફુલ ફર્નિચર, ૧૦૨ વાર
(દલાલ આવકાર્ય)
: સંપર્ક :
મો. ૯૮૨૫૫ ૧૭૮૭૬

**સંપૂર્ણ આયુર્વેદિક સારવાર**

પૃથ્વીરાજ હોસ્પિટલ

આયુર્વેદ - પંચકર્મ
ફિઝીયોથેરાપી

- તમામ પ્રકારનાં રોગો
- સાંધાનો દુઃખાવો
- સાયટીકા
- ચેતાતંત્રના રોગો
- માનસિક રોગો
- પક્ષઘાત
- માઈગ્રેન (આધાશીશી)
- અનિંદ્રા



**ડો. મહિપતસિંહ ડોડીયા**
એમ.ડી. (આયુ.)
જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ, મધુરમ, જૂનાગઢ. મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦
: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ, તા. માળીયા (હાટીના) મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

CMYK

# જૂનાગઢના શેરનાથ મહારાજે મહાકુંભમાં અદાણીના સેવાકાર્યો બિરદાવ્યા



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૩

ગુજરાતના જૂનાગઢ સ્થિત ગિરનારના ગોરક્ષનાથ આશ્રમના અનંત શ્રી વિભૂષિત મહંત પીર શેરનાથ મહારાજેમહાકુંભમાં ચાલી રહેલા અદાણી જૂથના પ્રયાસોને બિરદાવ્યા છે. સંગમનગરી પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં થઈ રહેલા વિવિધ સેવા કાર્યોની પ્રશંસા કરતાતેમણે ખાસ કરીને અદાણી ગ્રુપ દ્વારા કરવામાં આવતા સેવાકીય કાર્યોની ભારોભાર પ્રશંસા કરી તેમને અભિનંદન આપ્યા હતા. ગુરૂ શ્રી ગોરખનાથ આશ્રમના મહંત યોગી પીરશેરનાથ મહારાજે જણાવ્યું હતું કે મહાકુંભ ફક્ત ધાર્મિક હેતુઓ માટે જ આયોજિત નથી થતો પરંતુ તે સમાજના તમામ વર્ગોના કલ્યાણ અને જન કલ્યાણ માટે હોય છે. આ ખાસ પ્રસંગે તેમણેઅદાણી ગ્રુપ દ્વારાભક્તો માટે ચલાવવામાં આવી રહેલી મહાપ્રસાદ વિતરણ સેવાના વખાણ કરતા કહ્યું હતું કે“આએક પ્રશંસનીય પહેલ છે અને એ તેમના સ્વભાવને દર્શાવે છે. લાખો ભક્તો આ સેવાથી સંતુષ્ટ થઈ રહ્યા છે અને તેનું સામાજિક મહત્વ ખૂબ જ છે. મેળા સમિતિ વતી, હું આ કાર્ય માટે અદાણી જૂથ અને તેમની ટીમનો આભાર માનું છું”. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, “અદાણી ગ્રુપ અને ઈસ્કોનના સહયોગથી ચલાવવામાં આવી રહેલા મહાપ્રસાદ વિતરણ કાર્યક્રમમાં દરરોજ લાખો ભક્તો ભાગ લઈ રહ્યા છે.

આ સેવા સમાજના દરેક વર્ગ સુધી પહોંચી રહી છે અને ભક્તોને સ્વચ્છ, સસ્તું અને સ્વાદિષ્ટ ભોજન પૂરૂ પાડવામાં આવી રહ્યું છે. આવા કાર્યો સમાજમાં સહકાર અને સમર્પણની ભાવના વધારે છે”. તેમણેઆ પ્રશંસનીય કાર્ય માટે અદાણી ગ્રુપને શુભેચ્છાઓ પાઠવી હતી. મેળા સમિતિ વતી મહંત પીર શેરનાથ મહારાજે અદાણી ગ્રુપ અને તેના તમામ સભ્યોનો આભાર માન્યો અને તેમના સેવા કાર્યની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ ઉમદા કાર્ય આવનારી પેઢી માટે પ્રેરણાદાયક તો છે જ, પરંતુ તે સમાજમાં માનવતા, સેવા અને બલિદાનની ભાવનાને પણ પ્રોત્સાહન આપે છે. સુપ્રસિદ્ધ નાથ સંપ્રદાયના ગોરખનાથ આશ્રમ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, બાલકનાથ તેમજ અનેક મહાત્માઓ સાથે સંકળાયેલો છે. દેશ-વિદેશની અનેક વિભૂતિઓ કુંભનગરીમાં સ્થિત ગોરક્ષનાથ અખાડાની મુલાકાત લઈ શ્રદ્ધાથી શીશ ઝૂકાવે છે.

# માંગરોળ પાલિકાની ચૂંટણીમાં ૩૬ બેઠકો સામે ૧૧૬ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

**બંદરના વોર્ડ નંબર ૫માં ફરી એકવાર ખારવા સમાજે ભાજપમાંથી ફક્ત ચાર જ સભ્યોની ઉમેદવારી કરી મજબૂત સંગઠીત સમાજનું દ્રષ્ટાંત આપ્યું : ૧૦૦% મુસ્લિમ મતદારો ધરાવતા વોર્ડ નંબર ૪ માથી ૧૨ અને વોર્ડ નંબર ૬ મા ૧૮ ફોર્મ ભરાયા : કોંગ્રેસ-આપનું ગઢબંધન ભાજપને પજવશે પરંતુ મીમ-બસપા-અપક્ષો કોંગ્રેસને થકવશે**



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૩

જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં છેલ્લા બે વર્ષના વહીવટદાર શાસનના અંતે પાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકો માટેની ચૂંટણી જાહેર થતા ની સાથે જ ઉમેદવારોનો જાણે રાફડો ફાટી નીકળ્યો હતો. ભાજપે ૨૪, કોંગ્રેસે ૨૪, આપે ૮, એમઆઈએમે ૨૧, બસપાએ ૯, એસડીપીઆઈએ ૪ અને અનેક અપક્ષો સહિત કૂલ ૧૧૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. માંગરોળ પાલિકામાં વર્ષોથી લઘુમતી સમુદાયના અપક્ષો સાથે કોંગ્રેસ સત્તામાં રહે છે. ગમેતેવા ધમપછાડા પછી પણ ભાજપના હાથ સત્તાથી દૂર રહ્યા છે. પરંતુ ગત ટર્મમાં ભાજપ સાથેનું કોંગ્રેસનું ગઢબંધન લઘુમતી સમાજમાં ભંગાણનુ મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. જો કે આ વખતે કોંગ્રેસે શિક્ષિત નવયુવાનોને ટીકીટ આપી મહદઅંશે ડેમેજ કંટ્રોલ કરી લીધું હોવાનું જણાઈ આવે છે. દર વખતે ૧૦૦% મુસ્લિમ મતદારો ધરાવતા વોર્ડ નંબર૪ અને ૬માં અપક્ષો જ ઉમેદવારી કરતા અને જો જીતા વહી કોંગ્રેસી ગણાતા. પરંતુ આ વખતે એમઆઈએમ, એસડીપીઆઈ અને બસપાએ લઘુમતી બાહુલ વિસ્તારોમાં પોતાના ઉમેદવારો નોંધાવતા, કોંગ્રેસે પણ પોતાના સિમ્બોલિક ઉમેદવારો ઉભા રાખવા પડ્યા છે. તો બીજી બાજુ ઘણા દમદાર ગણાતા ઉમેદવારોએ અપક્ષમા ઉમેદવારી કરતા ખરાખરીનો જંગ જોવા મળશે. ગત વિધાનસભાની ચૂંટણીમાં આપ અને મીમએ ખેલ પાડતા કોંગ્રેસ માંગરોળ વિધાનસભાની સ્યોર બેઠક હારી ગઈ હતી. પરંતુ પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે આપ સાથે ગઢબંધન કરી ૩૬માંથી ૧૩ બેઠકો આપને ફાળવી દેતા હાલ મજબૂત સ્થિતિમાં જણાઈ આવે છે પરંતુ કોગ્રેસના ગઢ ગણાતા દરેક વોર્ડમાં એમઆઈએમ, એસડીપીઆઈ બસપા અને અપક્ષોએ પણ ઉમેદવારો ઉભા રાખતા ખરાખરીનો જંગ જામી શકે છે. જો કોંગ્રેસ-આપનુ ગઢબંધન મજબૂત સ્થિતિમાં પાલિકા સર કરી લે તો આગામી વિધાનસભામાં પણ ભાજપ માટે મુશ્કેલી સર્જી શકે છે. માંગરોળ પાલિકાની ચૂંટણીમાં દર વખતે ૧૦૦% ખારવા સમાજના મતદારો ધરાવતો બંદરનો વોર્ડ નંબર ૫ ચર્ચામાં રહે છે. અહી દર વખતે સમાજના સાથે સંગઠીત રહી ફક્ત ચાર જ સભ્યો ભાજપમાંથી ઉમેદવારી કરી બીનહરીફ ચૂંટાઈ આવે છે.

આ વખતે વોર્ડ નંબર ૫ મા આપ એ પોતાના ઉમેદવારો ઉભા રાખવાની કોશિશ કરી પરંતુ ઉમેદવારો તો દૂર ટેકેદારો પણ મળ્યા નહી..! જો આવી જ રીતે લઘુમતી મુસ્લિમ સમુદાય સંગઠીત બનીને ચૂંટણી લડે તો માંગરોળ પાલિકામાં ૩૬ માથી ૨૨ મુસ્લિમ સભ્યો સરળતાથી ચૂંટાઈ આવે. આખરે ૪ તારીખ પછી જ સ્પષ્ટ ચિત્ર સામે આવશે કે કેટલા ઉમેદવારો ફોર્મ પરત ખેંચે છે કે..! કે પછી હમ તો ડુબે હે સનમ તુમકો ભી લે ડુબેંગે વાળી થાય છે...!!

# ગીર ગઢડા તાલુકાના ફરેડા અને કોદીયા ગામે વન્ય પ્રાણી દીપડાએ હુમલો કરી મોત નિપજાવેલ તેના પરિવારને વન વિભાગ દ્વારા રૂપિયા ૧૦-૧૦ લાખના સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા

ઊના તા.૩

ઊનાના ગીર ગઢડા તાલુકાના ફરેડા ગામની સીમમાં ગત તા.૧૫-૧-૨૫ના ડેલી બંધ મકાનની દીવાલ કૂદીને દીપડાએ ફળિયાની ઓસરીમાં સૂતેલ દિવાળીબેન માવજીભાઈ જોગીયા વૃધ્ધ મહિલા ઉપર હુમલો કરી મોત નિપજાવી નાસી ગયો હતો. તેમજ ગત તા.૧૯/૧/૨૫ ના કોદીયા ગામની સીમમાં વાડીના મકાનની ઓસરીમાં ખાટલા ઉપર સૂતેલ વાઘાભાઈ સર્દુલભાઈ વાઘેલાને દીપડાએ હુમલો કરી મોત નિપજાવી નાસી ગયો હતો. ત્યાર બાદ વન વિભાગ દવારા તુરંત કાર્ય વાહી પૂર્ણ કરી ગીર પૂર્વ વન વિભાગ ધારી કાગળો મોકલતા કચેરી દ્વારા સરકારના નવા પરિપત્રના નિયમ મુજબ રૂપિયા ૧૦ લાખ સહાયનો ચેક બનાવી મોકલતા ગીર પૂર્વ વન વિભાગની જશાધાર રેન્જના આર.એફ.ઓ. ભરવાડ તેમજ રાઉન્ડ ફોરેસ્ટ કર્મચારી મૃતકના ઘરે ફરેડા જઈ તેમના વારસદાર કમલેશભાઈ માવજીભાઈ જોગીયાંને અર્પણ કરેલ તેમજ કોદીયા દ્રોણ ગામની સીમમાં વાઘાભાઈ સાર્દૂલભાઈ વાઘેલાના પરિવારના વારસદાર શાંતુબેન વાઘાભાઈ વાઘેલાને રૂપિયા ૧૦ લાખનો ચેક સહાયનો આપેલ હતો.





## જૂનાગઢ મહાનગરપાલીકા સામાન્ય ચુંટણી-૨૦૨૫ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના ઉમેદવારોની યાદી

| ક્રમ નં. | વોર્ડ.નં. | નામ |
|---|---|---|
| ૧. | ૧. | પ્રજ્ઞાબેન સતીષભાઈ વીરડા |
| ૨. | | શારદાબેન હીરાભાઈ પટોળીયા |
| ૩. | | મનોજભાઈ રામજીભાઈ ફલીયા |
| ૪. | | મુસાભાઈ હાસમભાઈ દલ |
| ૫. | ૨. | વાળા મરૂતાબેન જગદીશભાઈ |
| ૬. | | કટારા પ્રમલનેમ બાબુભાઈ |
| ૭. | | એજાજ મહમદ મકરાણી |
| ૮. | | પટોળીયા ચિંતન મનસુખભાઈ |
| ૯. | ૩. | પઠાણ હસીનાબેન નાસીરભાઈ |
| ૧૦. | | બ્લોચ મનાજબેન ઈકબાલ |
| ૧૧. | | પરમાર યોગેશ બીજલભાઈ |
| ૧૨ | | પીરાણી અમીનભાઈ સતારભાઈ |
| ૧૩ | ૪. | બડેલીયા શોભનાબેન ગિરીશભાઈ |
| ૧૪ | | પરસાણા મંજુલાબેન વિઠ્ઠલભાઈ |
| ૧૫ | | ઘરસેડા કાન્તીભાઈ મનુભાઈ |
| ૧૬ | | વઘાસીયા મહેન્દ્રભાઈ હરસુખભાઇ |
| ૧૭ | ૫. | મકવાણા અંજલીબેન કેસુભાઈ |
| ૧૮ | | કથારીયા શારદાબેન ગોવિંદભાઈ |
| ૧૯ | | ત્રાંબડીયા હરસુખભાઈ ભોવાનભાઈ |
| ૨૦ | | પનારા ચુનીભાઈ ગોવાલભાઈ |
| ૨૧ | ૬. | કેશવાલા જસવંતીબેન દિનેશભાઈ |
| ૨૨ | | રાબડીયા મીનાક્ષીબેન અરવિંદભાઈ |
| ૨૩ | | ચૌહાણ માધવજી ભીખાભાઈ |
| ૨૪ | | પરસાણા લલીતભાઈ વિઠ્ઠલભાઈ |
| ૨૫ | ૭. | ભલાણી આરતીબેન ચિરાગભાઈ |
| ૨૬ | | લખલાણી સ્વાતીબેન યોગેશભાઈ |
| ૨૭ | | ડાંગર અક્ષયભાઈ વીરાભાઈ |
| ૨૮ | | મોણપરા પ્રફુલભાઈ દેવરાજભાઈ |
| ૨૯ | ૮. | થઈમ સેમીલાબેન અશરફભાઈ |
| ૩૦ | | કાદરી સહેનાઝબી મેહમુદમીયાં |
| ૩૧ | | પંજા અહ્રેમાનભાઈ અલારખાભાઈ |
| ૩૨ | | કાતેલ શાહીદભાઈ સિદીકભાઈ |
| ૩૩ | ૯. | પરમાર મધુબેન પરશોતમભાઈ |
| ૩૪ | | ગૌસ્વામી કાજલબેમ વિશાલભાઈ |
| ૩૫ | | બસીયા મહિપાલસિંહ નાજભાઈ |
| ૩૬ | | ચાવડા યોગેશભાઈ રામજીભાઈ |
| ૩૭ | ૧૦ | વસાવડા દિપ્તીબેન નયનભાઈ |
| ૩૮ | | અટારા કિર્તીબેન |
| ૩૯ | | કડીવાર વિશાલભાઈ વિનોદભાઈ |
| ૪૦ | | મહેતા મિહિરભાઈ વિપુલભાઈ |
| ૪૧ | ૧૧. | રાઠોડ જસુબેન દીનેશભાઈ |
| ૪૨ | | સાવલીયા જ્યોતીબેન જયસુખભાઈ |
| ૪૩ | | જોષી મનોજભાઈ ભીખાભાઈ |
| ૪૪ | | પોપટ રસીકભાઈ ગીરધરભાઈ |
| ૪૫ | ૧૨. | બોરીચા ભાવનાબેન હીરાભાઈ |
| ૪૬ | | પુરોહિત ધર્મિષ્ઠાબેન મયુરભાઈ |
| ૪૭ | | ગલ દિલીપભાઈ કેશાભાઈ |
| ૪૮ | | ભલાણી અમીતકુમાર નરેન્દ્રભાઈ |
| ૪૯ | ૧૩. | વાઢેર ક્રિષ્નાબેન વિરેન્દ્રભાઇ |
| ૫૦ | | મારૂ લાભુબેન ધનજીભાઈ |
| ૫૧ | | જોષી વિરેન્દ્રભાઈ ધીરજલાલ |
| ૫૨ | | ગરાણીયા મહેશભાઈ કેસુરભાઈ |
| ૫૩ | ૧૪. | પાણખાણીયા પ્રવિણાબેન કિશોરભાઈ |
| ૫૪ | | જોષી આરતીબેન |
| ૫૫ | | જેઠવાણી ગીરીશભાઈ લખમણભાઈ |
| ૫૬ | | રાડા નથુભાઈ કાનાભાઈ |
| ૫૭ | ૧૫. | રાડા સોનલબેન કારાભાઈ |
| ૫૮ | | સોલંકી ગીતાબેન રાજેશભાઈ |
| ૫૯ | | ઓડેદરા કેસુભાઈ |
| ૬૦ | | પરમાર રાવણભાઈ લાખાભાઈ |

# શ્રી વિરબાઈમાં મહિલા મંડળ જૂનાગઢ દ્વારા દેવી ભાગવતજી કથાનો યોજાયો કાર્યક્રમ



## નગરશેઠની હવેલી, પંચહાટડી ચોક ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભાવિકોએ કથાનો લીધો લાભ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

શ્રી વિરબાઈમાં મહિલા મંડળ જૂનાગઢ દ્વારા નગરશેઠની હવેલી પંચહાટડી ચોક ખાતે ગત તા.૩૦-૧-૨૦૨૫થી દેવી ભાગવતજી કથાનો શુભારંભ કરવામાં આવેલ છે. આગામી તા.૯-૨-૨૦૨૫ શનિવાર સુધી કથાનો કાર્યક્રમ યોજાશે. દરરોજ બપોરે ૩:૩૦થી ૭ દરમ્યાન આંતરરાષ્ટ્રીય ભાગવત કથાકાર વિજુબેન રાજાણી આગવી શૈલીમાં શ્રોતાઓને કથાનું રસપાન કરાવી રહ્યા છે. વિવિધ પ્રસંગોની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. શિવપાર્વતીના લગ્નોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. તેમજ આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહેલા જલારામ ભક્તિધામના મેનેજીંગ ટ્રસ્ટી પ્રો. પી.બી. ઉનડકટ તથા લોકસાહિત્યકાર અમુદાનભાઈ ગઢવીનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે પૂજાબેન કારીયા, ચેતનાબેન તન્ના ઉપસ્થિત રહ્યા હતા.

# પોરબંદરના બખરલા ગામે કુખ્યાત શખ્સની હત્યા



(પ્રકાશ પંડિત દ્વારા)

આદિત્યાણા તા.૩

પોરબંદર જીલ્લાના બખરલા ગામે કુખ્યાત શખ્સ મેરામણ ખુંટી ઉર્ફે મેરામણ લંગીનું મર્ડર થતા સનસનાટી ફેલાઈ જવા પામેલ છે. આ મર્ડર મેરામણ ખુંટીના અગાઉ સાગરીત હતા તેવા શખ્સ સંજય દેવશી ઓડેદરાનું નામ ખુલવા પામેલ છે.

મેરામણ ખુંટી સામે અનેક ગંભીક પ્રકારના ગુના નોંધાયેલ હતા ઉપરાંત ૨૦૦૬માં પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયાના ટેકેદાર ગણાતા મુળુભાઈ મોઢવાડીયાના મર્ડરમાં પણ આ મેરામણ લંગીનું નામ આરોપી તરીકે ખુલેલ હતું.

મેરામણ લંગીનું નામ બરડા પંથકમાં એકદમ ખુંખાર તરીકે ગણના થતી હોય તેને એક ક્રુર શખ્સ ગણવામાં આવતો હતો. મેરામણ બરડા પંથકમાં બોરીચાના ભીભાઈ દુલાભાઈ ઓડેદરાનો ભાણેજ થતો હતો. બખરલા ગામનો ઈતિહાસ જ કાંઈ જુદો છે. અગાઉ સરમણ મુંજા મેડમની હત્યા પણ આ બખરલા ગામે એક પ્રોગ્રામમાં કરવામાં આવતી હતી. સ્થાનિક ચુંટણીઓ વધારે જ બરડા પંથકમાં મર્ડર થતા ફરીથી ગેંગ વોરની યાદ તાજી થઈ હોવાની લોકોદહેશત સેવા રહયુંછે. આ મર્ડર જુના મનદુઃખમાં થયું હોવાની લોકો ચર્ચા કરી રહેલ છે.

# જૂનાગઢના મધુરમ વિસ્તારમાં શોક લાગતા વૃધ્ધનું સારવાર દરમ્યાન મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરના મધુરમ વિસ્તારમાં દુકાનમાં કોઈ કારણોસર ઈલેકટ્રીક શોક લાગતા વૃધ્ધનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું સી ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ સ્ટેશને ભાવેશભાઈ મનસુખભાઈ ચાવડાએ જાહેર કરેલ કે રવીન્દ્રભાઈ પરબતભાઈ ડોડીયા (ઉ.વ.૫૭)ને પોતાની મધુરમમાં આવેલ વૃંદાવન સોસાયટી બાજુમાં સંસ્કૃતિ ચાની દુકાને કોઈ કારણોસર ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

## જૂનાગઢના ખામધ્રોળ રોડ પરથી જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સો ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢના ખામધ્રોળ રોડ પર જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સોને તાલુકા પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટાફે ખામધ્રોળ રોડ પર જાહેરમાં જુગાર રમતા ગાંડુભાઈ કાનજીભાઈ અઘેરા, ભાર્ગવભાઈ સુરેશભાઈ મેઘનાથી, મેરામભાઈ બાલુભાઈ પરમાર, મગનભાઈ નાથાભાઈ પોશીયા, ધીરેનભાઈ અમીલાલ અભાણી, ઈબ્રાહીમભાઈ તારમહંમદભાઈ સીડાએ ૧૭૪૫૦ રોકડ સહિત ૪ મોબાઈલ મળી કુલ ૨૮૪૫૦ના મુદામાલ સાથે ઝડપી લઈ જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી છે.

## નામ તેવાં ગુણો સમાચારોમાં હમેશા અગ્ર રહેનાર અગ્ર ગુજરાતની બે મહિના પહેલાની હકીકતો સત્ય બનેલ છે

# શું હવે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં હવે ટેરીફ ટેક્ષના નામે વધુ ટેક્ષ વસુલવાની ઓપરેન્ડી ચાલુ થશે ?




**અમેરિકા દ્વારા આ માસથી અમલી બનેલ કેનેડા, મેક્સીકો ઉપર ૨૫% અને ચીન ઉપર ૧૦% ટેરીફ લાદી વર્લ્ડ ટ્રેડ વોર અને ટેરીફ વોરની શું શરૂઆત થઈ ગઈ છે : અમેરીકાની દાદાગીરી સામે કેનેડા નો ખુલ્લો પડકાર**

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા તા.૩

અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપતિ માટેની ગત નવેમ્બર માસમાં યોજાયેલ સામાન્ય ચુંટણીનું પરિણામ આવતાની સાથે વિજેતા થયેલ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તેમના પહેલા જ ભાષણમાં તેમના દ્વારા ચુંટણીના મુદા માગા મતલબ માય અમેરિકા, ગ્રેટ અમેરિકા બનાવવાની કાર્યવાહીના પહેલા ચરણમાં જ અમેરિકાના પાડોશી દેશો અને અમેરિકન કોર્પોરેટ હાઉસના અન સ્કિલ્ડ લેબરના અને તેમની જ ઈન્ડસ્ટ્રીઝની પ્રોડકટના મેન્યુફેક્ચરિંગ દેશ ગણાતા દેશો કેનેડા અને મેક્સીકો દ્વારા પોતાના દેશમાં બીન અધિકૃત વિદેશીઓને ઘુસાડવામાં મદદ કરતા હોવાના બહાના હેઠળ તેમના દ્વારા આવી પ્રવૃત્તિ બંધ કરવામાં નહીં આવે તો અને ચીન દ્વારા અમેરિકામાં કેમિકલના નામે ડ્રગ્સ ઘુસાડવામાં આવતું હોવાનું દર્શાવી ત્યાંથી આયાત કરાતા માલ સામાન ઉપર વધારાની ટેરીફ લગાવવાની ધમકી આપી વિશ્વના દેશોને ચોંકવી નાખેલ. ત્યારે આ સામાન્ય ધમકી જેવી ગણાતી ઘટના ખરેખર અમેરિકાની વિશ્વને આગામી દિવસોમાં વર્લ્ડ ટ્રેડ વોર માટે તૈયાર રહેવાની ચેતવણી સમાન હોવાનું સૌ પ્રથમ અગ્ર ગુજરાતના તારીખ ૪-૧૨-૨૦૨૪ના અંકમાં પ્રસિધ્ધ થયેલ. જે સમાચારની સત્યતા બે માસમાં જ થયેલ હોય તેમ અમેરીકા દ્વારા તારીખ ૧-૨-૨૦૨૫ના દિવસથી કેનેડા અને મેક્સીકો ઉપરથી આયાત કરવામાં આવતા માલ સામાન ઉપર ૨૫%ની અને ચીનથી આયાત કરવામાં આવતા માલ સામાન ઉપર ૧૦%ના દરે ટેરીફ લગાવવાનું ચાલુ કરી વિશ્વના દેશોને આગામી સમયમાં વર્લ્ડ ટ્રેડ વોર માટે તૈયાર રહેવાની ચેતવણી આપતો એલાર્મ બજાવી પોતાની ચુંટણી લક્ષી મુદાને આધારે હવે વિશ્વના દેશોને પણ અલગ અલગ રીતે મૂલવવામાં આવશે તેવો સ્પષ્ટ સંકેત આપ્યો છે. ત્યારે અમેરીકાની આ જાહેરાતના પગલે અમેરીકાની જગત જમાદારી અને દાદાગીરી સામે આજે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટુડો દ્વારા પોતાના દેશમાં આયાત થતા અમેરિકાના વાર્ષિક ૧૫૫ અબજ ડોલરના માલ સામાન ઉપર અમેરિકાના એકશનના રીએકશન જેમ પોતાના દ્વારા પણ અમેરીકાના સામાન ઉપર સમાન ૨૫%ની ટેરીફ લાગવવાની જાહેરાત કરી દુનીયાને ચોંકાવી નાખ્યાનું બહાર આવેલ છે. અહીં અમેરિકા માટે પરિસ્થિતિ સાપે છછુંદર ગળ્યો હોય તેમ કોળિયો પેટમાં ઉતારી પણ શકાતો નથી કે મોઢામાંથી બહાર પણ કાઢી શકાતો ના હોય તેમ અત્યારની અમેરીકાની મોટા ભાગની ઈન્ડસટ્રીઝની પ્રોડકટનું મેન્યુફેક્ચરિંગ કેનેડામાં થાય છે. હવે અત્યારે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ પ્રમાણે અમેરીકાની જરૂરિયાતની કે નિકાસ માટેની કોઈપણ વસ્તુ પહેલા રોમટીરીયલ સ્વરૂપે કેનેડા આયાત કરે તેના ઉપર કેનેડા પોતાની જાહેરાત મુજબ વધારાની ૨૫% ટેરીફ ડ્યુટી વસુલ કરે અને તે માલ તૈયાર થઈને પરત અમેરીકા જાય ત્યાં અમેરીકા દ્વારા વધારાની ટેરીફ ડ્યુટીના નામે ૨૫% રકમ અમેરિકા વસુલ કરે જે કારણે અમેરિકાને પોતાના દેશમાં જ પોતાની ઈન્ડસ્ટ્રીઝનો માલ ૫૦% જેટલા વધુ ભાવે અમેરિકાની પ્રજાને વહેંચી પોતાના દેશમાં રોજગારી વધારવાના બદલે કિંમતો વધારી મોંઘવારી વધારવાની પરિસ્થિતિ કેનેડા દ્વારા ઉભી કરવામાં આવ્યાનું નકારી શકાતું નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય વ્યાપાર આયાત નીકાસનુંનિયમન ડબલ્યુંટીઓ મતલબ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝર કરે છે અને તેના નિયમો મુજબ તેના સભ્ય દેશો દ્વારા જે તે ઉત્પાદનના ભાવો વિશ્વવ્યાપી દરેક દેશના ચલણના મૂલ્યને આધારે રહે તે માટે આયાત ઉપર જેતે દેશમાં લાગતા ઈમ્પોર્ટ ડ્યુટીના દર સમાન રહે તે માટેના જેતે દેશો ઉપર નિયમનો લગાવી એકરૂપ બજાર વ્યવસ્થા જળવાઈ રહે તેવા પ્રયત્નો કરે છે. ત્યારે કોઈ દેશમાં આયાતકારો વધુ ઉત્પાદન આયાત કરી અન્ય દેશો માટે અછત અને પોતાના દેશમાં વધુ માલ આયાત કરી ખોટી હરીફાઈના કરે તે માટે જે તે દેશ દ્વારા ટૂંકા સમય માટે ટેક્ષની રકમમાં વધારો કરવાના બદલે ટૂંકા સમય માટે તેના ઉપર ઈમ્પોર્ટ ટેક્ષ અને વધારાના દર તરીકે ટેરીફ ટેક્ષ ચાલુ કરી જેતે સમાનની આયાત જે તે દેશ માટે ઘટાડવાની કાર્યવાહી જે તે દેશ સમયે સમયે કરે છે. જેમાં જરૂર પડ્યે વધારાનો ટેક્ષ લગાવવામાં આવે તેને વ્યાપારી ટેક્ષની ભાષામાં ટેરીફ કહેવામાં આવે છે. જે દર્શાવે છે કે હવે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં આયાત કરાતા માલ સામાન ઉપર જેતે દેશ સાથેના સબંધોને આધારિત વધારાની ટેક્ષની રકમ ટેરીફના નામે વસુલ કરવાની નવી બિઝનેસ ઓપરેન્ડી અમલી બનશે તે દિવસો દૂર નથી.

# આવતીકાલે વર્લ્ડ કેન્સર ડે : જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે કેન્સર સંબંધિત માહિતી, નિદાન, સારવાર અપાશે

જૂનાગઢ તા.૩

આવતીકાલ તારીખ ૪ ફેબ્રુઆરી ૨૦૨૫ વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે સિવિલ હોસ્પિટલ જુનાગઢ ખાતે કેન્સરના તજજ્ઞ સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટર ઓન્કોફિઝિશિયન, ઓકોસર્જન, રેડીએશન અંકોલોજિસ્ટ હોસ્પિટલમાં બીજા માળે રૂમ નંબર ૨૧૩ સર્જરી વિભાગની ઓપીડીમાં કેન્સર સંબંધિત માર્ગદર્શન, નિદાન તથા સારવાર આપશે. જુનાગઢ તથા આસપાસના જિલ્લાના તમામ લોકોને કેન્સર સંબંધિત કોઈપણ માહિતી મેળવવી હોય અથવા આપ કેન્સર ગ્રસ્ત હોવાને ડોક્ટરનો અભિપ્રાય મેળવવો હોય અથવા સારવાર સંબંધિત વધુ માહિતી મેળવવી હોય તો આ કેમ્પનો અવશ્ય લાભ લેવા. આ કેમ્પમાં ગર્ભાશયના મુખનું કેન્સર સ્તન કેન્સર મોઢાનું કેન્સર ફેફસાનું કેન્સર તથા અન્ય તમામ કેન્સર સંબંધિત નિષ્ણાત ડોક્ટરનો અભિપ્રાય મેળવી શકાશે તેમ જૂનાગઢ સિવિલ હોસ્પિટલના કર્તવ્યનિષ્ઠ સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું છે. ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટના નેતૃત્વ હેઠળ જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને શકય તમામ સારવાર આપવા માટે સિવિલ હોસ્પિટલનું તંત્ર સતત કાર્યશીલ રહે છે.

# જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા.૨૨ ફેબ્રુઆરી સુધી હથિયાબંધી આદેશ જારી

જૂનાગઢ તા.૩

જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરેલ હોય તે મુજબ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા મુજબ સમગ્ર જિલ્લામાં શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહિ. પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા,એકઠા કરવા તથા તૈયાર કરવા નહિ.વ્યક્તિઓ અથવા શબ અથવા આકૃતિઓ વાળા પૂતળા દેખાડવા નહિ. અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભસ્ત સૂત્રો પોકારવા નહિ. અસ્લીલ ગીતો ગાવા નહિ. જેનાથી સુરૂચીનો શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ,તેવા હાવ ભાવ કરવા નહિ,તેવી ચેષ્ટા કરવી નહિ તથા ચિત્રો,પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદ્રથ અથવા વસ્તુઓ કરવી નહિ.

આ હુકમ સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.ખેડૂતો પોતાના ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજિંદા કામ કરી શકે તે આશયથી ખેડૂતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય. તેને લાગૂ પડશે નહિ. આ જાહેરનામું તાત્કાલીક અસર થી તા.૨૨/૦૨/૨૦૨૫ દિવસ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ શિક્ષા અને દંડ ને પાત્ર થશે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સંદર્ભે ચૂંટણી નિરીક્ષક તરીકે ડો. રાહુલ ગુપ્તાની નિમણૂંક

જૂનાગઢ,તા.૩

જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ મહાનગરપાલિકા તથા કુલ ૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તેમજ જૂનાગઢ જિલ્લાની તાલુકા પંચાયતની કુલ ૨ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ચૂંટણી નિરીક્ષક તરીકે ડો. રાહુલ ગુપ્તા, (આઈ.એ.એસ) વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર શ્રી, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન ગાંધીનગરની નિમણૂક કરવામાં આવેલ છે.

# જૂનાગઢની કાથરોટા માધ્યમીક શાળાના વિદ્યાર્થીઓ માટે બી.આઈ.એસ. દ્વારા ઈન્ડસ્ટ્રીયલ એક્સપોઝરની મુલાકાત કરાવાઈ



જૂનાગઢ, તા.૩

કાથરોટા તેમજ અન્ય ચાર શાળાના ધોરણ ૯ના વિદ્યાર્થીઓને જૂનાગઢ જી.આઈ.ડી.સી.૨ માં આવેલ પાર્થ પોલિવોવેન પ્રાઈવેટ લી. ( P A R T H POLYWOVEN PVT LTD) કંપનીની BIS દ્વારા માહિતીસભર મુલાકાત કરાવી હતી. આ ઈન્ડસ્ટ્રીયલ એક્સપોઝર મુલાકાતમાં ચાર સ્કુલના વિદ્યાર્થીઓ તેમજ મેન્ટર શિક્ષકો જોડાયા હતા.

BSI ના સ્ટાન્ડર્ડ પ્રમોશન અધિકારીશ્રી અમન સિંગના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયા હતો. આ તકે ઈરફાન મલેકની માર્ગદર્શક હાજરી રહી હતી. ઈન્ડસ્ટ્રીના સ્ટાફ તેમજ માલીકો દ્વારા લેબોરેટરી તેમજ મશીનરીની માહિતી બાળકોને આપવામાં આવી હતી. શાળાના ગણિત વિજ્ઞાન શિક્ષક બલદેવપરી મેન્ટર તરીકે હાજર રહ્યા હતા , તેમજ પાર્થ પોલિવોવેન પ્રાઈવેટ લી.ના શ્રી કિશનભાઈ ઢોલરીયા એ પણ બાળકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં અલગ અલગ સ્તરે પ્લાસ્ટિકનો કેવી રીતે ઉપયોગ થાય તેની મેન્યુફેક્ચર કેવી રીતે થાય કાચા માલથી લઈ અને ખાદ્ય પદાર્થમાં વપરાતું પ્લાસ્ટિકની પ્રેક્ટીકલ માહિતી આપી હતી.

બાળકોને આવા ઈન્ડસ્ટ્રીયલ મુલાકાતથી પાયાની માહિતી મળી રહે છે. આ બીએસઆઈ નો સારો એવો પ્રયાસ બાળકો માટે ભવિષ્યમાં પણ ઉપયોગી બની રહેશે. આજે બીએસઆઈ દ્વારા જૂનાગઢ જિલ્લામાં આવેલી ૨૦જેટલી શાળાઓની જુદી જુદી કંપનીમાં મુલાકાત ગોઠવવામાં આવી હતી.

### આ બજેટમાં વિદ્યાર્થીઓને ઘણી ભેટ મળી

# પીએમ રિસર્ચ ફેલોશિપ સ્કીમ હેઠળ વિદ્યાર્થીઓને દર મહિને મળશે ૭૦થી ૮૦ હજાર રૂપિયા

## પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજના ભારતમાં ડોક્ટરલ સંશોધન માટે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ફેલોશિપ આપવાની યોજના છે

નવી દિલ્હી, તા.૩

આજે નિર્મલા સીતારમણ ૨૦૨૫નું બજેટ રજૂ કર્યું છે. બજેટ પાસેથી દરેકને ખાસ અપેક્ષાઓ હોય છે. એવામાં સ્ત્રી હોય કે શિક્ષણ ક્ષેત્ર. આ બજેટમાં વિદ્યાર્થીઓને ઘણી ભેટ મળી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે પ્રધાનમંત્રી સંશોધન ફેલોશિપ સ્કીમ હેઠળ ૧૦,૦૦૦ ફેલોશિપની જાહેરાત કરી છે. આ સ્કીમ હેઠળ, વિશેષ વિદ્યાર્થીઓ IITs, IISERs અને IISc માં Ph.Dમાં આ સ્કીમ હેઠળ સીધો પ્રવેશ અને આકર્ષક શિષ્યવૃત્તિ મળશે. દરેક વ્યક્તિ પાંચ વર્ષ માટે પ્રતિ વર્ષ ૨ લાખની સંશોધન ગ્રાન્ટ મેળવશે. એવામાં જાણીએ કે શું છે PM રિસર્ચ ફેલોશિપ સ્કીમ. પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજના ભારતમાં ડોક્ટરલ સંશોધન માટે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ફેલોશિપ આપવાની યોજના છે, જેના સંદર્ભમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૫માં કેટલીક નવી જાહેરાતો કરી છે. ૨૦૧૮-૧૯ના બજેટમાં પ્રથમ વખત આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

જાન્યુઆરીમાં જીનોમ ઈન્ડિયા પ્રોજેક્ટ પર બોલતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે 'PM રિસર્ચ ફેલોશિપ સ્કીમ પીએચડી અભ્યાસ દરમિયાન રિસર્ચ કરવા માટે લાગુ કરવામાં આવી છે.' આ યોજના અંગે નવી માહિતી આપતા નાણામંત્રી નિર્મલા સીતારમણે જાહેરાત કરી છે કે આગામી ૫ વર્ષમાં ૧૦,૦૦૦ નવી ફેલોશિપ આપવામાં આવશે.

PMRF સ્કીમ પસંદગીના વિદ્યાર્થીઓને IIT, IISc અને IISER માં પીએચડી પ્રોગ્રામ્સમાં સીધો પ્રવેશ પૂરો પાડે છે. જે દર મહિને ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ સુધીની છે.

પ્રથમ વર્ષ - દર મહિને ૭૦,૦૦૦

બીજા વર્ષ - દર મહિને ૭૦,૦૦૦

ત્રીજું વર્ષ - દર મહિને ૭૫,૦૦૦

ચોથું વર્ષ - દર મહિને ૮૦,૦૦૦

પાંચમું વર્ષ - દર મહિને ૮૦,૦૦૦

દરેક વિદ્યાર્થીને પ્રતિ વર્ષ ૨ લાખ (પાંચ વર્ષ માટે ૧૦ લાખ સુધી)ની રિસર્ચ ગ્રાન્ટ પણ મળે છે.

તાજેતરમાં, આ યોજના દેશની તમામ માન્ય સંસ્થાઓ/ યુનિવર્સિટીઓના પાત્ર વિદ્યાર્થીઓ માટે ખોલવામાં આવી છે. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) અને સેન્ટ્રલી ફંડેડ ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ્સ (CFTIs) સાથે સંલગ્ન સંસ્થાઓમાં M.Tech કરી રહેલા તમામ વિદ્યાર્થીઓને ૧૨,૪૦૦ની માસિક ફેલોશિપ આપવામાં આવે છે.

# ગુજરાતમાં એક વર્ષમાં લીકર પરમિટના અરજદારો ૫૦% ઘટ્યાં

અમદાવાદ, તા. ૩

ગુજરાતમાં લિકર પરમિટના અરજદારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૩માં ૬ મોટા શહેરમાંથી ૭૪૪૦ જ્યારે ૨૦૨૪માં માત્ર ૩૪૯૯ને નવી પરમિટ આપવામાં આવી છે. જેમાં દારૂ પીવા માટે ૬ પ્રકારની પરમિટ મળે છે.

હેલ્થ પરમિટમાં સ્વાસ્થ્યને આધારે 'દવા' તરીકે જરૂરી હોય તેવી વ્યક્તિને પરમિટ અપાય છે. હંગામીમાં કામચલાઉ-ટુરિસ્ટમાં એક મહિના, રાજ્ય બહારની વ્યક્તિને ૭ દિવસ જ્યારે ગ્રુપ પરમિટમાં વિદેશી નાગરિકને કોન્ફરન્સ માટે પરમિટ આપવામાં આવતી હોય છે. મેડિકલમાં જરૂર હોય તેવી વ્યક્તિને તત્કાલ પરમિટ આપવા પણ જોગવાઈ છે. ગુજરાતમાંથી અનેક લોકો તણાવ, અનિદ્રા જેવી બીમારીનું કારણ બતાવીને હેલ્થ પરમિટ લેતા હોય છે. ગુજરાતમાં હાલ અંદાજે ૪૩ હજારથી વધુ લોકો પાસે દારૂની પરમિટ છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે.

વર્ષ ૨૦૨૪માં જે શહેરમાંથી દારૂની પરમિટ માટે સૌથી વધુ નવીપરમિટ અપાઈ છે તેમાં સુરત ૭૦૩ સાથે મોખરે છે. સુરતમાં ૨૦૨૩માં ૧૧૪૩ને દારૂની પરમિટ આપવામાં આવી હતી. સુરતમાં અંદાજે ૧૨,૫૦૦થી વધુ લોકો પાસે દારૂની પરમિટ છે.

વર્ષ ૨૦૨૪માં દારૂની સૌથી વધુ પરમિટ અપાઈ હોય તેમાં અમદાવાદ ૩૩૨ સાથે બીજા સ્થાને છે. અમદાવાદમાં વર્ષ ૨૦૨૩માં દારૂની પરમિટ મેળવનારા ૧૦૩૩ હતા. દારૂની પરમિટમાં થયેલા ઘટાડા અંગે જાણકારોનું માનવું છે કે, પરમિટ શોપમાં દારૂ પર ૬૫ ટકાનો ટેક્સ લેવામાં આવે છે. જેના કારણે દારૂની કિંમત ઘણી વધી જાય છે. આ ઉપરાંત કડક નિયમોને કારણે પણ પરમિટધારકોમાં ઘટાડો નોંધાયો છે.

### સસ્તાં થશે ઈલેક્ટ્રિક વાહનો!

# બજેટમાં લિથિયમ બેટરી અને નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશનને લઈને મોટી જાહેરાત

નવી દિલ્હી, તા.૩

ગઈકાલે સંસદમાં પીએમ નરેન્દ્ર મોદી સરકારની ત્રીજી ઈનિંગનું પ્રથમ સંપૂર્ણ બજેટ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. આ વખતે બજેટમાં ખેડૂતો, મહિલાઓ, શિક્ષણ, મેડિકલ, MSME અને સ્ટાર્ટ-અપ ઉપરાંત મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે પણ ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. જેમાં ઈલેક્ટ્રિક વાહનોમાં ઉપયોગમાં લેવાતી લિથિયમ આયર્ન બેટરી મેન્યુફેક્ચરિંગમાં મળનારા છૂટ પણ સામેલ છે. તેનાથી ઈલેક્ટ્રિક વાહનો સસ્તાં થવાની આશા છે.

બજેટ ભાષણ દરમિયાન કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે 'કોબાલ્ટ પાઉડર અને કચરો, લિથિયમ આયર્ન બેટરીના સ્કેપ, સીસું, જસત અને ૧૨ અન્ય મહત્ત્વપૂર્ણ ખનીજોને છૂટ આપવામાં આવશે. આ ઉપરાંત ઈલેક્ટ્રિક વાહનો માટે લિથિયમ-આયર્ન બેટરી નિર્માણ હેતુ ૩૫ વધારાની વસ્તુઓને કસ્ટમ ડ્યુટીમાંથી રાહત આપવામાં આવશે.

આ વખતના બજેટમાં ખેડૂતો, મહિલાઓ, શિક્ષણ, મેડિકલ, સ્જીસ્ઈ અને સ્ટાર્ટ-અપ ઉપરાંત મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે પણ જાહેરાત કરવામાં આવી છે. સરકારની મેક ઈન ઈન્ડિયા યોજનાને વધુ પ્રોત્સાહન આપવા માટે નાણાંમંત્રી સીતારમણે જાહેરાત કરી હતી કે નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશનને વધુ મજબૂત કરવામાં આવશે, જેનો લાભ ઑટો સેક્ટરને પણ મળશે.

મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે ઘણી મોટી જાહેરાતો કરી. આ દરમિયાન પોતાના ભાષણમાં કહ્યું કે 'અમારી સરકાર એક નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશનનું સેટઅપ કરશે. જે મોટા, મધ્યમ અને નાના ઉદ્યોગોને કવર કરશે. આ મિશન કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્યો બંને માટે પોલિસી સપોર્ટ, એક્ઝિક્યુશન રોડમેપ સાથે ગર્વનન્સ અને મોનિટરિંગનું ફ્રેમવર્ક પૂરું પાડશે.

તેમણે કહ્યું કે 'આ મિશન પર્યાવરણને સારું બનાવવા માટે ક્લાઈમેટ ફ્રેન્ડલી ડૅવલોપમેન્ટ સાથે-સાથે કલીન ટેક મેન્યુફેક્ચરિંગમાં પણ સુધારો કરવામાં આવશે. આ સ્કીમનો ટાર્ગેટ ડોમેસ્ટિક વેલ્યુ એડિશનમાં સુધારો કરવાનો છે. જેના અંતગર્ત સોલાર પીવી સેલ્સ, ઈલેક્ટ્રિક વ્હીકલ બેટરી, મોટર, કંટ્રોલર, ઈલેક્ટ્રોલાઈસર્સ, વિંડ ટર્બાઈન, હાઈ વોલ્ટેજ ટ્રાન્સમિશન અને ગ્રિડ સ્કેલ બેટરીના મેન્યુફેક્ચરિંગને મદદ પૂરું પાડવાનો છે.'

આ વખતે બજેટમાં સ્ટાર્ટ-અપને પણ એક મોટી ભેટ મળી છે. નાણાંમંત્રીએ પોતાના ભાષણમાં કહ્યું કે 'સ્ટાર્ટઅપ આ માટે લોન એમાઉન્ટની સીમાને વધારીને હવે ૨૦ કરોડ રૂપિયા કરી દેવામાં આવી છે. જે અત્યાર સુધી ૧૦ કરોડ સુધી સીમિત હતી.

આ સપોર્ટ સ્ટાર્ટ-અપ સેક્ટરના ૨૭ અલગ-અલગ એરિયામાં આપવામાં આવશે.' તેનો મોટો લાભગ દેશના ઑટો સેક્ટરમાં પણ જોવા મળશે. થોડા વર્ષોમાં દેશમાં ઘણા નવા સ્ટાર્ટ-અપે એન્ટ્રી કરી છે જે ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન અને વેચાણ સાથે જોડાયેલા છે.

# કિસાન ક્રેડિટ કાર્ડમાં હવે પાંચ લાખ સુધીની લોન લઈ શકશો

નવી દિલ્હી, તા. ૩

નાણામંત્રી નિર્મલા સીતારમણ દેશનું કેન્દ્રીય બજેટ રજૂ કરેલ છે. જેને લઈને સમગ્ર દેશેવાસીઓની નજર આ બજેટ પર રહેલી છે. નિર્મલા સીતારમણે બજેટની શરુઆત જ ખેડૂતો માટેની એક સ્કીમ પીએમ ધનધાન્ય યોજનાની કરી હતી. ત્યાર બાદ કિસાન ક્રેડિટ કાર્ડને લઈને મોટી જાહેરાત કરી છે.

નાણામંત્રીના જણાવ્યા અનુસાર, કિસાન ક્રિડેટ કાર્ડથી લોન ૩ લાખથી વધારીને હવે ૫ લાખ કરી દીધી છે. તો વળી નાણામંત્રીએ કહ્યું કે, આસમમાં યૂરિયા સંયંત્રની સ્થાપના કરવામાં આવે. સરકારે યૂરિયાની સપ્લાઈ વધારવા માટે આસામના નામરુપમાં સંયંત્ર સ્થાપિત કરવાની જાહેરાત કરી છે.

સરકારના આ નિર્ણયથી દેશભરના કરોડો ખેડૂતોને ફાયદો થશે. કિસાન ક્રેડિટ કાર્ડ સ્કીમ સરકારની એક મહત્વકાંક્ષી યોજના છે.

આ સ્કીમ અંતર્ગત સરકાર દેશના ખેડૂતોને કૃષિ સંબંધિત પ્રવૃતિઓ માટે વાજબી શોર્ટ ટર્મ એગ્રી લોન આપે છે. અત્યાર સુધી આ યોજના અંતર્ગત ખેડૂતોને ૩ લાખ રુપિયાની લોન આપવામાં આવતી હતી, આજે તેને વધારીને ૫ લાખ રુપિયા કરી દેવામાં આવી છે.

# મહાકુંભમાં રાજકોટના આધેડનું શ્વાસ ચડ્યા બાદ મોત નિપજ્યું

પ્રયાગરાજ, તા.૩

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં સ્નાન કરવા માટે દેશ-વિદેશ સહીત ગુજરાતમાંથી શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. ત્યારે મહાકુંભમાં વધુ એક ગુજરાતીનું મોત નીપજ્યું છે. જેમાં રાજકોટના ૫૩ વર્ષીય આધેડને શ્વાસ ચડતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટુંકી સારવાર બાદ તેમનું મોત નીપજતાં શુક્રવારે તેમના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ લાવવામાં આવ્યા હતો. શુક્રવારે તેમની અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ૨ફઝન્ના કર્મચારીઓ અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટના પ્રતીક ટેનામેન્ટ રહેતા કિરીટસિંહ રાઠોડ પોતાની પત્ની અને મિત્ર દંપતી સાથે ગત ૨૪ જાન્યુઆરીએ અમદાવાદથી ફ્લાઈટ મારફતે મહાકુંભમાં સ્નાન કરવા ગયા હતા. મહાકુંભમાં તેમણે સાધુ સંતોને જમાડૅવા માટે રસોઈ બનાવવા સહિતના સેવા કાર્યો કર્યા હતા. આ દરમિયાન ૩૦ જાન્યુઆરીએ વહેલી સવારે તેમને ચક્કર આવતાં ઢળી પડ્યા હતા. જેથી તેમને મહાકુંભમાં ઉભા કરાયેલા હોસ્પિટલમાં તપાસ અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમને વધુ શ્વાસ ચડતાં રાયબરેલી ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટુંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. ત્યારબાદ શુક્રવારે તેમના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ લાવવામાં આવ્યા હતો.

# હવાઈ મુસાફરો માટે મોટી જાહેરાત, ૧૨૦ શહેરોમાં શરૂ થશે ઉડાન યોજના

## ૪ કરોડ વધારાના મુસાફરોની ક્ષમતા વિકસિત થશે

નવી દિલ્હી, તા.૩

નાણાંમંત્રી નિર્મલા સીતારમણ સતત આઠમું બજેટ રજૂ કરી રહ્યા છે. આ દરમિયાન તેઓએ ઉડાન યોજના પર એક મોટી જાહેરાત કરી છે. નાણાંમંત્રીએ જણાવ્યું કે, ઉડાન યોજનાથી ૧૨૦ નવા શહેરને જોડવામાં આવશે.

આ યોજના હેઠળ દસ વર્ષમાં ૧૨૦ નવાં ઍરપોર્ટ બનશે. જેનાથી ૪ કરોડ વધારાના મુસાફરોની ક્ષમતા વિકસિત થશે.

નાણાંમંત્રીએ જણાવ્યું કે, ઉડાનની સફળતાથી પ્રેરિત થઈને એક સંશોધિત યોજના શરુ કરવામાં આવશે. આ યોજના પહાડી, મહત્ત્વાકાંક્ષી અને ઉત્તર-પૂર્વીય પ્રાદેશિક જિલ્લાઓમાં હેલિપેડ અને નાના ઍરપોર્ટની કાયા પણ બદલી નાખશે. સરકારના આ નિર્ણયનો ફાયદો ૧૨૦ કરોડ લોકોને થશે. આ સાથે જ બિહારમાં એક ગ્રીનફીલ્ડ ઍરપોર્ટનું પણ નિર્માણ કરવામાં આવશે.

૨૧ ઑક્ટોબર, ૨૦૧૬ના દિવસે RCS (Regional Connectivity Scheme)-ઉડાન અથવા ઉડે દેશ કા આમ નાગરિકની શરુઆત કરવામાં આવી હતી. આ યોજનાનો હેતુ, ભારતમાં જે સ્થળોએ હવાઈ સેવાઓ નથી તેમને હવાઈ સંપર્ક સાથે જોડવાનો હતો. ઉડાનનો કોન્સેપ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન સાથે જોડાયેલો છે. વડાપ્રધાન મોદીએ જાહેરમાં કહ્યું હતું કે, તે ચંપલ પહેરેલા લોકોને વિમાનમાં ચઢતા જોવા ઈચ્છે છે.

આ યોજનાના વિસ્તારથી તમામ આકારોના નવા વિમાનોની માંગ વધી છે. આ યોજના હેઠળ રૂટ્સ પર વિમાનોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. તેમાં એરબસ ૩૨૦/૩૨૧, બોઈંગ ૭૩૭, એટીઆર ૪૨ અને ૭૨, ડીએચસી ક્યુ ૪૦૦, ટ્વિન ઓટર, એમ્બ્રેયર ૧૪૫ અને ૧૭૫, ટેકનમ પી ૨૦૦૬ટી, સેસના ૨૦૮બી ગ્રાન્ડ કારવાં ઈએક્સ, ડોર્નિયર ૨૨૮, એરબસ એચ ૧૩૦ અને બેલ ૪૦૭ જેવા વિમાન સામેલ છે.

# • જીવનમાં પ્રાર્થનાનું મહત્વ •

સામાન્ય શિરસ્તો એવો છે કે, આપણે કોઈ વ્યક્તિની પાસે કોઈ ચીજ કે વસ્તુ માંગવી હોય તો, આપણે તે વ્યક્તિની પાસે મૌખિક કે કે લેખિત દરખાસ્ત કરવી જ પડે છે. દા.ત.આપણે કોઈ સ્થળે નોકરી મેળવવી હોય તો સૌ પ્રથમ અરજી કરવી પડે છે, પછી આપણી લાયકાત અને અનુભવના આધારે રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે છે અને ત્યાર પછી આપણી પસંદગી થયા બાદ જ તે નોકરીનો ઑર્ડર આપણાંને આપવામાં આવે છે. બીજું સરકારી ખાતામાંથી આપણે કોઈ નકલ કઢાવવી હોય તો જરૂરી ફી ભરી, નિયત કરેલા ફોર્મમાં વિગતો ભરી, સરકારી ખાતાને આપવામાં આવે છે અને ત્યાર પછી સરકારી અધિકારી, આપણને જોઈતાં કાગળોની નકલ કે માંગ્યા મુજબના દસ્તાવેજોની નકલ કાઢી આપે છે.આવી જ રીતે આપણે ભગવાન પાસે સુખ, સાહ્યબી, શાંતિ, વૈભવ, પૈસા ટકા કે અન્ય વસ્તુ માંગવાની અપેક્ષા રાખીયે છીએ, ત્યારે આપણાં મનની ઈચ્છાઓની દરખાસ્ત ભગવાન પાસે પહોંચાડવાનું માધ્યમ ફક્ત ને ફક્ત પ્રાર્થના જ છે. પ્રાર્થનાના માધ્યમ થકી આપણે ઈશ્વરની નજીક જઈ શકીએ છીએ. આપણી પ્રાર્થનામાં એક પ્રકારનો આર્તનાદ અને સચ્ચાઈ હશે તો, આપણી પ્રાર્થના જરૂરથી પ્રભુ પાસે પહોંચી શકે છે.

**પ્રાર્થના એટલે શું ? પ્રાર્થના શા માટે કરવી જોઈએ ?**

પ્રાર્થનાના બીજા પર્યાય શબ્દો અભ્યર્થના, બંદગી તથા વંદના છે. પ્રાર્થના એટલે એક પ્રકારની અરજ, ગુજારિશ અને દીનભાવ એવો અર્થ કરી શકાય. પ્રાર્થના એટલે અંતઃકરણપૂર્વક ભગવાનની કરવામાં આવતી ભક્તિ. પ્રાર્થના એ અંતરનો આર્તનાદ છે. આપણી પ્રાર્થનામાં એક શક્તિ, વજુદ અને સચ્ચાઈ હોવાં જરૂરી છે, અને એમાં દિલનો ઉમળકો હોવો ખાસ જરૂરી છે. પ્રાર્થના એટલે પ્રભુનાં ગુણગાન,વખાણ, સ્તુતિ કે પ્રશંસા એથી વિશેષ કંઈ નહીં. જેમ આપણે આપણું શરીર ટકાવી રાખવા માટે જળ તથા આહારની જરૂર પડે છે, તેવીજ રીતે જીવનમાં આપણે જાણે અજાણે કરેલાં પાપોને ધોવા માટે ભક્તિરૂપી ભાથું બાંધવું પડે છે. આ ભક્તિરૂપી ભાથું બાંધવા માટે આપણે જપ, તપ,વ્રત, ઉપવાસ, એકટાણાં કે પ્રાર્થના વિગેરે કરીએ છીએ. આપણે જેમ ભવિષ્યનો વિચાર કરીને બેંકમાં નાણાં જમા કરાવીએ છીએ અને આપણને કોઈ સંકટ કે મુસીબત આવે ત્યારે, તે નાણાં મદદરૂપ થાય છે, એવીજ રીતે આપણે ભક્તિરૂપી ભાથું બાંધેલું હશે તો આપણાંથી ભુલમાં પણ કોઈ પાપ, અનર્થ કે ખોટું કાર્ય થઈ ગયું હોય તો તેની સામે રક્ષણ મળે છે. પ્રાર્થના એ એક સંદેશો છે, જેનાં થકી ભગવાનને ખબર પડે છે કે કોને શું જોઈએ છે. પ્રાર્થનાના માધ્યમ વગર પ્રભુ પાસે પહોંચવું શક્ય જ નથી. એવું નથી કે પ્રભુ પાસે કાંઈ માંગવા માટે જ આપણે પ્રાર્થના કરવી જોઈએ, પરંતુ આપણાં મન તથા મગજની શાંતિ માટે પણ પ્રાર્થના કરવી જરૂરી છે. પ્રાર્થના આપણાં દૈનિક જીવનમાં શાંતિ બક્ષે છે તથા મન અને મગજને એકચિત્ત કરે છે. હકીકતમાં પ્રાર્થના આપણાં દૈનિક જીવન સાથે વણાઈ ગઈ છે અને પ્રાર્થના વગર દિવસની શરૂઆત કરવી નકામી છે. દરેક શાળા, મહાશાળા કે અમુક સરકારી કચેરીઓમાં કામગીરી શરૂ કરતાં પહેલાં પ્રાર્થના બોલવાનો રિવાજ છે અને એનું કારણ એ છે કે પ્રાર્થનાથી આપણું મન શુદ્ધ થાય છે અને આખો દિવસ શાંતિમય રીતે પસાર થાય છે. વિદ્યાર્થીઓનાં પાઠ્યપુસ્તકોમાં પણ જુદી જુદી પ્રાર્થનાઓ છાપવામાં આવે છે અને આના ઉપરથી જ આપણને પ્રાર્થનાની મહત્તાનો ખ્યાલ આવે છે. ખરેખર પ્રાર્થના એ આપણાં સંસ્કાર અને સંસ્કૃતિનું પ્રતીક છે.

**- યોગેશભાઈ આર. જોશી, હાલોલ, પંચમહાલ.**

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# બંધારણ તો નહીં, પણ સંસદીય પ્રણાલી ચોક્કસ ખતરામાં

છેલ્લા થોડા વખતથી સંસદની ગરિમા પર આંચ આવી રહી છે. સંસદ પાસે કેટલાંય કામ હોય છે. તેનું ઘણું બધું કામ સમિતિઓ કરે છે. માનવામાં આવે છે કે સંસદીય સમિતિઓમાં રાજકીય પક્ષબાજી નથી થતી. એવામાં ગહન અધ્યયન અને વિવેચનના અવસરો હોય છે, પરંતુ વાસ્તવમાં એવું નથી. હવે સંસદીય સમિતિઓમાં પણ લોકસભા અને રાજ્યસભા જેવા હંગામા થઈ રહ્યા છે. વક્ફ સંશોધન વિધેયકને સંયુક્ત સંસદીય સમિતિ એટલે કે જેપીસી પાસે મોકલવામાં આવ્યું હતું, પરંતુ સમિતિની બેઠકોમાં હંગામાના જ સમાચારો સામે આવ્યા. એવી જ એક બેઠકમાં ગયા અઠવાડિયે ભારે હંગામો થયો. ૧૦ વિપક્ષી સદસ્યોએ સતત હંગામો કર્યો. તેમને સસ્પેન્ડ કરી દેવાયા. સમિતિના પ્રમુખ જગદંબિકા પાલ અનુસાર તેમને પણ અપશબ્દો કહેવામાં આવ્યા. આ સ્થિતિ ચિંતાજનક છે. લોકસભા અને રાજ્યસભામાં હંગામાને કારણે મોટાભાગે કામકાજ નથી થતું. હવે સંસદીય સમિતિઓની પણ આ જ સ્થિતિ છે. આખી સંસદીય વ્યવસ્થામાં અવ્યવસ્થા છે. રાજ્ય વિધાનમંડળ પણ સંસદની દેખાદેખી ઘોર અવ્યવસ્થાનો શિકાર થતી જાય છે. દેશના તમામ સદનોના પીઠાસીન અધિકારીઓની કેટલીય બેઠકો થઈ ચૂકી છે. સંસદની સુવર્ણ જયંતી અધિવેશનમાં હંગામો નહીં થવા દેવાને કારણે સંકલ્પ લેવામાં આવ્યા હતા, પરંતુ પરિણામ શૂન્ય રહ્યું. વક્ફ અધિનિયમનું વિવેચન કરી રહેલ જેપીસીની રચના સંસદની ઈચ્છાનુસાર જ થઈ છે. આ સમિતિનો ઈતિહાસ જૂનો છે. બોફોર્સ કૌભાંડની તપાસ માટે ૧૯૮૭માં પહેલી વાર જેપીસી રચાઈ. હર્ષદ મહેતા શેર કૌભાંડની તપાસ માટે ૧૯૯૨માં બીજી જેપીસીની રચના થઈ. બેંકિંગ લેવડદેવડમાં જેપીસીએ તપાસ કરી. શીતળ પીણાંમાં કીટનાશક મુદ્દા પર પણ જેપીસીની રચના થઈ હતી. કેતન પારેખ શેર કૌભાંડ, વીઆઈપી ચોપર કૌભાંડ વગેરે મુદ્દા પર પણ જેપીસી બની. મહત્ત્વપૂર્ણ બાબતોમાં જેપીસીની માંગ થતી હતી, પરંતુ પાછલા કેટલાય વ઼ર્ષોથી સમિતિઓની બેઠકોમાં પણ અરાજકતા વધી છે. વક્ફ સંશોધન વિધેયક ઘણું મહત્ત્વપૂર્ણ છે. વક્ફ કાયદા વક્ફ બોર્ડને ઉત્પીડક અધિકારો આપે છે. આ કાયદા અંતર્ગત પીડિત લોકોની સુનાવણીની વ્યવસ્થા નથી. સ્પષ્ટ છે કે કાયદામાં સંશોધન દેશની ખાસ જરૂર છે. વિધેયકનો વિરોધ કરી રહેલા પક્ષો વોટ બેંક તુષ્ટીકરણની નીતિને કારણે જ તેના રસ્તામાં અવરોધ ઉત્પન્ન કરી રહ્યા છે. તે વિધેયકની જોગવાઈઓ પર ચર્ચા કરવા તૈયાર નથી. સમિતિનો કાર્યકાળ વધારવો પડ્યો છે. આખરે વિપક્ષી દળોના સદસયો જેપીસી બેઠકોમાં પૂરતી તૈયારી સાથે કેમ નથી આવતા? શોરબકોર અને રોડાં નાખવાં તર્ક અને તથ્યનો વિકલ્પ નથી હોતા. અનુશાસિત સદનોમાં જ વ્યવસ્થિત કામકાજ થાય છે. જ્યારે અવ્યવસ્થિત સદન નિરાશ કરે છે. સંસદીય સમિતિ પ્રણાલી પ્રતિષ્ટિત રહી છે. તે કોઈ વિષયના ગહન વિવેચન અને તથ્યપરક વિચાર-વિમર્શની આદર્શ વ્યવસ્થા છે, પરંતુ એવી સમિતિઓના કટેલાક માનનીય સદસ્ય સમિતિ કક્ષની બેઠકોમાં તથ્ય અને તર્ક સાથે નથી આવતા. તેઓ સમિતિમાં પણ પોતાનો રાજકીય એજન્ડા ચલાવે છે. વ્યક્તિગત આરોપો-પ્રત્યારોપોને કારણે તણાવ વધારે છે. મર્યાદા વિહીનતાનું આ કાર્ય એ દેશમાં થઈ રહ્યું છે જ્યાં વૈદિક કાળમાં સભા અને સમિતિ પ્રણાલી હતી. આધુનિક સંસદીય સમિતિ પ્રણાલીમાં વિચારણવાળા વિષયોની તથ્યપરક તપાસ થાયછે. આધુનિક ભારતમાં આવી સમિતિ પ્રણાલીની શરૂઆત અંગ્રેજી રાજ સમયે ૧૯૧૯ બાદ થઈ. પહેલી લોક લેખા સમિતિ ૧૯૨૧માં બની હતી. લોકસભા ખાસ પ્રયોજન માટે બજેટ ફાળવે છે. લોક લેખા સમિતિ ફાળવેલ ધનરાશિનો ઉપયોગ તપાસે છે. સીએજી પ્રાથમિક તપાસની સંસ્થા છે. અનેક સંસદીય સમિતિઓ છે. ટૂંકમાં સંસદીય પ્રણાલીના અસ્તિત્વ પર સંકટ તોળાઈ રહ્યું છે. બંધારણ સભાએ ડો.આંબેડકરની અધ્યક્ષતામાં મુસદ્દા સમિતિ બનાવી હતી. બંધારણ સભાએ તેમની પાસે અપેક્ષા રાખી હતી કે તે બંધારણ નિર્માણ સાથે જોડાયેલ સંઘ શાસન સમિતિ, પ્રાંતીય વિધાન સમિતિ અને મૌલિક અધિકાર સહિત તમામ સમિતિઓના વિચાર મુસદ્દામાં સામેલ કરે. ડો.આંબેડકરે બંધારણ સભાનો મુસદ્દો રજૂ કરતાં કહ્યું હતું, 'ભારત જેવા દેશમાં જવાબદારીની તપાસ જરૂરી છે. પ્રશ્ન, સ્થગન પ્રસ્તાવ સહિત તમામ સંસદીય કાર્યવાહી જવાબદાર બનાવે છે. બંધારણમાં શાસનની સ્થિરતાને બદલે જવાબદારીને વધુ મહત્ત્વ આપવામાં આવ્યં છે. તેથી તેમાં સંસદીય પદ્ધતિની ભલામણ કરવામાં આવી છે.' સંસદીય પ્રણાલીમાં વિચાર વિમર્શની વિશેષ મહત્તા છે, પરંતુ સંસદીય હંગામા વચ્ચે તે અસંભવ છે. જ્યાં હંગામો છે ત્યાં વિચાર વિમર્શને સ્થાન નથી હોતું. કેટલાક પક્ષ, નેતા અને સમૂહ બંધારણ બચાવવા નીકળ્યા છે. આખો દેશ જાણે છે કે ભારતના બંધારણ પર કોઈ સંકટ નથી, પરંતુ વિધાયી અને સંવિધાયી અધિકારોથી યુક્ત સંસદના અસ્તિત્વ અને સદન સંચાલનનું સંકટ છે. દુનિયામાં ક્યાંય આવો હોબાળો નથી થતો. બ્રિટિશ સંસદ જૂની છે. અમેરિકી કોંગ્રેસ, સ્વિટ્ઝરલેન્ડની સંઘીય સભા, ચીનની નેશનલ પીપલ્સ કોંગ્રેસ, જાપાનની ડાયટ અને ફ્રાન્સની સંસદ સામાન્ય રૂપે ચાલે છે. આ દેશોની કાર્યવાહીમાં હુલ્લડ હંગામા નથી થતા. સંસદ ખુદ પૂર્ણ બંધારણીય સંસ્થા છે. ઈંગ્લેન્ડના રાજકીય વિચારકોએ સંસદને પોતાના કાર્ય સંચાલનની માલિક ગણાવી છે. ભારતીય સંસદ પણ પોતાના કાર્ય સંચાલનની સંરક્ષક છે, પરંતુ સદનની અંદર અમર્યાદિત વ્યવહાર, શોરબકોર અને અધ્યક્ષીય આસન પ્રત્યે અવમાનની ઘટનાઓ બનતી જ રહે છે. જનતા ઈચ્છે છે કે સંસદ ચાલે. પૂરો સમય ચાલે. રાષ્ટ્રીય વિમર્શ થાય અને પક્ષોમાં પરસ્પર સદ્ભાવ વધે. શું આ સંભવ છે? તેને સંભવ બનાવવા માટે જરૂરી છે કે સત્તાપક્ષ અને વિપક્ષ કાર્ય સંચાલનના મુદ્દા પર એકમત થાય.

# બજેટમાં નાણાપ્રધાન નિર્મલા સિતારમણે ગુજરાતને શું આપ્યું ?

## ગિફ્ટ સિટીમાં નવી બેંકિંગ, વીમા અને ટ્રેઝરી મેનેજમેન્ટ કંપનીઓ સ્થાપવા માટે કર લાભો વધારવામાં આવ્યા છે




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩

નિર્મલા સિતારમણે રજૂ કરેલા અંદાજપત્રમાં ગુજરાતના ગાંધીનગરમાં સ્થિત ગિફ્ટ સિટી માટે નવા પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યા છે. IFSC (આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર) માં નવા રોકાણોને આકર્ષવા માટે કર મુક્તિ અને અન્ય સુવિધાઓ આપવાની જાહેરાત કરાઈ છે. ગિફ્ટ સિટીમાં નવી બેંકિંગ, વીમા અને ટ્રેઝરી મેનેજમેન્ટ કંપનીઓ સ્થાપવા માટે કર લાભો વધારવામાં આવ્યા છે.

ગુજરાત સહીત દેશભરના બંદરો અને લોજિસ્ટિક્સ હબને મજબૂત બનાવવા માટે "મેરીટાઈમ ડેવલપમેન્ટ ફંડ" ની જાહેરાત કરવામાં આવી છે. ૨૫,૦૦૦ કરોડનું આ ભંડોળ, લોજિસ્ટિક્સ અને બંદર માળખાગત સુવિધાને વેગ આપશે. ૧૬૦૦ કિલોમીટર લાંબા ગુજરાતના દરિયાકાંઠે આવેલા બંદરોને આંતરરાષ્ટ્રીય વેપાર અને જહાજ નિર્માણમાં વધુ સ્પર્ધાત્મક બનાવવામાં આવશે.

ગુજરાત, જે ભારતનું મુખ્ય કપાસ ઉત્પાદક રાજ્ય છે, તેને "કપાસ ઉત્પાદકતા માટે મિશન" યોજનાનો મોટો લાભ મળશે. અંદાજપત્રમાં આગામી ૫ વર્ષનું મિશન ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળા બીજ, નવીનતમ કૃષિ ટેકનોલોજી અને વધુ ઉપજ માટે સહાય પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતના કાપડ ઉદ્યોગને વધુ કાચો માલ ઉપલબ્ધ થશે, જેનાથી નિકાસ અને રોજગારમાં ભારે વધારો થશે. ગુજરાતને સૌર ઉર્જા અને ગ્રીન ઉર્જા ક્ષેત્રમાં અગ્રેસર રાખવા માટે અનેક પહેલ કરવામાં આવી છે. નવા "નવીનીકરણીય ઉર્જા ઝોન" બનાવવામાં આવશે, જેથી ગુજરાતમાં મોટા સૌર અને પવન ઉર્જા પ્લાન્ટ સ્થાપી શકાય. ભારતના "ગ્રીન હાઈડ્રોજન મિશન"નો મોટો ભાગ ગુજરાતમાં લાગુ કરવામાં આવશે, જેનાથી રાજ્યની ઉર્જા ક્ષમતા અને રોકાણમાં વધારો થશે. ગુજરાતમાં જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડેલ હેઠળ હાઈવે, રેલવે અને મેટ્રો પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવશે. ગુજરાતના મુખ્ય શહેરોને નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP)માં સમાવવામાં આવ્યા છે. ગુજરાત સરકારને માળખાગત વિકાસ માટે વધારાની ૧.૫ લાખ કરોડની વ્યાજમુક્ત લોન મળશે.

ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સ અને MSMEs ને કેન્દ્રની વિવિધ યોજનાઓ મારફતે ?૧૦,૦૦૦ કરોડ સુધીની નવી નાણાકીય સહાય મળશે. ગુજરાતના સ્ટાર્ટઅપ્સને 'ડીપ ટેક ફંડ' હેઠળ AI, રોબોટિક્સ અને બ્લોકચેન ટેકનોલોજીમાં કામ કરવા માટે ભંડોળ આપવામાં આવશે.

### બજેટ ૨૦૨૫

# લારી કે ફૂટપાથ પર સામાન વેચતા ૬૮ લાખ લોકોને ભેટ

## બેંકો અને UPI લિંક્ડ ક્રેડિટ કાર્ડ્સમાંથી લોન મર્યાદા વધારીને ૩૦,૦૦૦ રૂપિયા કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી, તા.૩

નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં જે રીતે મધ્યમ વર્ગ અને ખાસ કરીને શહેરી ગરીબોની આવક વધારવાની વાત કરી છે. આ બજેટથી લારી કે ફૂટપાથ પર સામાન વેચતા ૬૮ લાખો કામદારો માટે વરદાન સાબિત થશે. નાણામંત્રીએ તેમના બજેટ ભાષણ દરમિયાન કહ્યું હતું કે, અમારી સરકાર શહેરી કામદારોના સામાજિક-આર્થિક ઉત્થાન માટે એક યોજના લાવશે. શહેરી ગરીબોની આવકમાં વધારો થશે. સરકાર તેના પર નજર રાખી રહી છે. શહેરી કામદારો માટે એક યોજના લાવવામાં આવશે.

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, લારી કે ફૂટપાથ પર સામાન વેચતા કામદારો માટે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના ને નવું રુપ આપવામાં આવશે. જે અંતર્ગત, બેંકો અને UPI લિંક્ડ ક્રેડિટ કાર્ડ્સમાંથી લોન મર્યાદા વધારીને ૩૦,૦૦૦ રૂપિયા કરવામાં આવશે.

સીતારમણે લોકસભામાં સતત આઠમું બજેટ રજૂ કરતી વખતે કહ્યું કે, આ યોજનાથી અનૌપચારિક ક્ષેત્રને ઊંચા વ્યાજ દરની લોનમાંથી રાહત આપીને ૬૮ લાખથી વધુ લારી કે ફૂટપાથ પર સામાન વેચતા લોકોને ફાયદો થયો છે. તેમણે કહ્યું, "આ સફળતાના આધારે આ યોજનામાં સુધારો કરવામાં આવશે અને બેંકો અને UPI લિંક્ડ ક્રેડિટ કાર્ડ્સમાંથી લોન મર્યાદા વધારીને ૩૦,૦૦૦ રૂપિયા કરવામાં આવશે." પીએમ સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (પીએમ-સ્વનિધિ) લારી કે ફૂટપાથ પર સામાન વેચતા લોકો માટે એક ખાસ સુવિધા છે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ રજૂ કરતાં નાણામંત્રીએ કહ્યું કે, શહેરી કામદારોના સામાજિક-આર્થિક ઉત્થાન માટે એક યોજના લાગુ કરવામાં આવશે. તેમજ ઓનલાઈન પ્લેટફોર્મના મોટા કાર્યકરો નવા યુગ સેવા અર્થતંત્રને ઘણી ગતિશીલતા મળશે. તેમના યોગદાનને માન્યતા આપતાં અમારી સરકાર તેમનું ઓળખ કાર્ડ અને ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણીની વ્યવસ્થા કરશે.

સીતારમણે કહ્યું કે, આવા કામદારોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આરોગ્ય સંભાળ માટેની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે અને આ પગલાથી લગભગ એક કરોડ કામદારોને સહાયતા મળવાની સંભાવના છે.

સરકાર આગામી ત્રણ વર્ષમાં તમામ જિલ્લા હોસ્પિટલોમાં ડે કેર કેન્સર સેન્ટરો સ્થાપવાની સુવિધા પણ આપશે.

# અમિત ચાવડાએ બજેટ પર નારાજગી વ્યક્ત કરી

## અમિત ચાવડાએ બજેટને ગુજરાતીઓ માટે ભ્રમિત કરનારૂ અને નિરાશાજનક ગણાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૩

ભારત સરકારના ૨૦૨૫-૨૬ના બજેટ પર પોતાને લાગતી નારાજગી વ્યક્ત કરતાં, કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ કહ્યું કે આ બજેટમાં ગુજરાતનો એકવાર પણ ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. તેમણે આ બજેટને ગુજરાતીઓ માટે ભ્રમિત કરનારું અને નિરાશાજનક ગણાવ્યું.અમિત ચાવડાએ જણાવ્યું કે આ બજેટ ૧૧મા વર્ષમાં પણ ગુજરાતના લોકોની આશાઓને ઠગવાની નીતિ પર કામ કરે છે. તેઓએ કહ્યું, "આજે રાજ્યના જનતા આ બજેટથી નિરાશ છે. રાજ્ય માટે નક્કર વિકાસની યોજના અને રાહતના કોઈ સ્પષ્ટ ઉદ્દેશ્ય નથી."તેમણે આ બજેટમાં દેવા માફી વિશે કોઈ સ્પષ્ટ વાત નહીં થવા અને દેશની આર્થિક સ્થિતિના નબળા બની રહેલા સ્તરે હોવાનો પણ ઉલ્લેખ કર્યો.

"ડોલર સામે રૂપિયાનું અવમૂલ્યન થઈ રહ્યું છે અને શિક્ષણમાં સુધારાની કોઈ સ્પષ્ટ દરકાર નથી," એમ તેમણે કહ્યું.

તેમણે આ બજેટમાં ઈંક્રમટેક્સમાં રાહત આપવાનો સકારાત્મક ઉલ્લેખ કર્યો, પરંતુ કહ્યું કે આ રાહતનો ફાયદો માત્ર ૪ ટકા લોકોને જ થશે, જ્યારે સામાન્ય નાગરિકોને આ બજેટમાંથી કોઈ ખાસ ફાયદો મળતો નથી. તેને ભારત સરકારના આર્થિક આયોજન પર નકારાત્મક ટિપ્પણી કરી અને ગુજરાતના લોકો માટે વધુ સ્પષ્ટ અને લાભદાયક નીતિ અપેક્ષી છે.

# ડાંગના આદિવાસી વિસ્તારમાં પહોંચશે AI ટેકનોલોજી

(સંપૂર્ણ સમાચાર સેવા)
સાપુતારા, તા.૩

સાપુતારા ખાતે તોરણ હિલ રિસોર્ટમાં રાજયના વન, પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી મુકેશ પટેલના અધ્યક્ષસ્થાને એક મહત્વપૂર્ણ ઈન્ટર સ્ટેટ અને યુનીયન ટેરિટરી ફોરેસ્ટ પ્રોટેકશન બેઠક યોજાઈ. આ બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર, દમણ અને દીવ, દાદરા નગર હવેલીના ઉચ્ચ વન અધિકારીઓ સાથે પર્યાવરણ સંરક્ષણ અને વન સંરક્ષણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી. મુકેશ પટેલે જણાવ્યું હતું કે, "વન એ રાષ્ટ્રની સંપત્તિ છે અને તેને સાચવવું દરેકની જવાબદારી છે." તેમણે ઉમેર્યું કે, ગુજરાત, મહારાષ્ટ્ર, દમણ અને દીવ, દાદરા નગર હવેલીના તમામ વન અધિકારીઓએ એકસાથે મળીને વન સંરક્ષણ માટે કાર્ય કરવું જોઈએ. અત્યાર સુધી, ગુજરાતના કચ્છ ફોરેસ્ટ વિભાગે ૨૬,૦૦૦ હેક્ટર જમીન પર થયેલું દબાણ દૂર કર્યું છે, અને દક્ષિણ ગુજરાતના બોર્ડર વિસ્તારમાં ૯૦૦ હેક્ટર જેટલી જમીનનું દબાણ દૂર કરવામાં આવ્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કઠોર વચનો બોલનારને કઠોર વચનો સાંભળવાનો સમય આવે છે.

- તૈલંગસ્વામી

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. શાબાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, મહા સુદ-૬ પંચક (સમાપ્ત રાત્રે ૧૧:૧૮ ક.) તા.૩ ફેબ્રુઆરી ૨૦૨૫, સોમવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૪, રેવતી નક્ષત્ર, સાધ્ય યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૩૨, સૂ.અ.૬:૩૮

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), રાત્રે ૧૧:૧૭ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૦૩-૨-૨૦૨૫ થી ૦૯-૨-૨૦૨૫ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નિર્ણયોમાં વિલંબ સંભવ છે. લાભની તક હાથમાંથી સરી જાય. સ્થાવર મિલ્કત અંગેના પ્રશ્નોમાં વિઘ્ન આવે. નાણાંકીય સ્થિતિ મધ્ય રહે. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિશ્રમ કરવો જરૂરી બને. નોકરીયાત વર્ગને કાર્યબોજ વિશેષ રહે જેથી થાક અનુભવાય. કૌટુંબિક વાતાવરણ સહકારભર્યું રહે. ભાઈ-બહેનથી લાભ થાય. જીવનસાથીથી મતભેદ ન થાય તે જોવું. સંતાનો અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન માનસિક ચિંતા રહ્યા કરે. નાણાંકીય બાબતના પ્રશ્નોમાં વિઘ્નો આવે. તેમજ દરેક કાર્ય અટકી-અટકીને પૂર્ણ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે નવી તકો મળે. તેમજ વડીલ વર્ગના સાથસહકાર પ્રાપ્ત થાય. નોકરીયાત વર્ગની સાનુકૂળ સ્થિતિ, સહકર્મચારી વર્ગનો સાથ-સહાકર મળે. જીવનસાથી સાથે આનંદમય વાતાવરણ રહે. નાનોએવો પ્રવાસ કરી શકશો. અલબત્ત પડવા-વાગવાથી કે અકસ્માતથી સંભાળવું.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન મન અસ્વસ્થ રહે તેમજ આત્મવિશ્વાસ ડગી જાય. મનની મુરાદ ન આવે. જોકે જીવનસાથી તરફથી સહયોગ મળે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. યાત્રા-પ્રવાસમાં સાવચેતી રાખવી. નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. ખોટી ઉગ્રતાને કાબુમાં રાખવી નહીં તો મુશ્કેલી રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક જવાબદારી વધે, નાણાંકીય લાભ મળે. પારિવારીક માનમાં વધારો થાય. પ્રગતિકારક સમય હોતા દરેક કાર્યોમાં સરવાળે સફળતા મેળવી શકશો. સંતાનના સ્વાસ્થય અંગે ચિંતાજનક સ્થિતિ રહે. વડીલ વર્ગ તરફથી લાભ મળવાનો સંભવ છે. કોઈને મનદુઃખ થાય તેવા કુટવચન ન બોલશો.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન ક્રોધ પર કાબુ રાખવો અન્યથા નુકશાનીના ભોગ બનવું પડે. પારિવારીક સુરક્ષા માટે જાગૃતિ કેળવવી હિતાવહ. વિરોધીવર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય. આર્થિક સમસ્યા હળવી બને અલબત્ત રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ છે. માનસિક તનાવમાંથી સપ્તાહનના અંત સુધી મુક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનોકામના સિધ્ધ થાય. યાત્રા-મુસાફરીના યોગ નકારી શકાય. જૂના સંબંધો દ્વારા લાભ મળે. કોઈ સંકટ કે મુશ્કેલીમાંથી માર્ગ મળે. નવા કાર્યોમાં સફળતા મેળવી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી-વડીલવર્ગનો સાથ-સહકાર પ્રાપ્ત થાય. નવિન શુભ સમાચાર મળે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે જરૂરી ધીરજપૂર્વક દરેક કાર્યો હાથ ધરવા. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સસરા પક્ષ તરફથી નાનો એવો લાભ મેળવી શકશો. ભાઈ-બહેનોના કાર્યોમાં સફળતા મળે. અધ્યાત્મિક કાર્યોમાં અભિરૂચિ વધે. આરોગ્ય સુધરે, જૂના રોગોમાંથી મુક્તિ મેળવી શકશો.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન માનસિક સ્વસ્થતા રહે તેમજ આત્મવિશ્વાસ વધે. નાણાંકીય આકસ્મીક લાભ મળે. વારસા, મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ લાવવા સાનુકૂળ સમય. નોકરીયાત વર્ગને કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય. તેમજ તેની માન-પ્રતિષ્ઠા વધે. કૌટુંબિક દ્રષ્ટિએ વડીલ વર્ગનો સાથ-સહાકર મેળવી શકશો. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે અલબત્ત તેનું આરોગ્ય જાળવવું હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન ધીરજ અને શાંતિથી કાર્ય કરવું હિતાવહ. ધંધાકીય પરિસ્થિતિ યથાવત રહે. અલબત્ત મહેનત દ્વારા ઉજળી તકોનું સર્જન કરી શકશો. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી સાથે વાણી ઘર્ષણ થવા સંભવ છે. કૌટુંબિક પરિસ્થિતિ મધ્યમ રહે. ભાઈ-બહેન સાથે મતભેદ સર્જાય જેથી ઘરની શાંતિમાં વિક્ષેપ પડે. જીવનસાથીથી વિશેષ લગાવ રહે. તેનો સાથ-સહકાર મળે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન બાધ્ય સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય. અગત્યના કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ. આરોગ્ય જાળવવું તેમજ ખાન-પાનમાં કાળજી લેવી.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યક્ષેત્રમાં મિક્ષ પરીણામ પ્રાપ્ત થાય તેમ છતાં અગત્યના કાર્યોમાં સફળતા મળે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.
વાણી સંઘર્ષ ટાળવો હિતાવહ, નાણાં વ્યય થાય. જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. એકંદરે આરોગ્ય સારૂં રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

પ્રિયજનથી આ સપ્તાહ દરમિયાન વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી, જમીન-વાહન સંબંધી કાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે આ સપ્તાહ દરમિયાન સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ષડયંત્રમાં ગેરસમજના ભોગ ન બની જવાય તેની સાવધાની રાખવી જરૂરી બને. નોકરી-વ્યવસાયને લગતી સમસ્યાઓ રહે, ધીરજપૂર્વક કાર્યો કરતા રહેવાથી સમસ્યાઓ દૂર થાય.

# ટ્રમ્પે ભારતીય ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બહાર કાઢ્યા, તેમના માટે ખરાબ લગાડવાનું બંધ કરો, તેમણે ભારત છોડવાનું પસંદ કર્યું હતું



(એજન્સી) તા.૩

ઈમિગ્રેશન ફરીથી આપણા મનમાં ટોચ ઉપર છે. મુંબઈ પોલીસનું કહેવું છે કે, સૈફ અલી ખાન ઉપર હુમલો કરનાર વ્યક્તિ સ્થાનિક નહોતો પણ બાંગ્લાદેશથી શહેરમાં પ્રવેશ્યો હતો અને ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ ભાષણ ઉપર નજર રાખનાર કોઈપણ વ્યક્તિ એ નિષ્કર્ષ ઉપર આવવાનું ભૂલશે નહીં કે નવા યુએસ રાષ્ટ્રપતિ માટે ઈમિગ્રેશન એ અમેરિકા સામેની સૌથી મોટી સમસ્યા છે. તાજેતરમાં સુધી મોટાભાગના ભારતીયો ઈમિગ્રન્ટ વિરોધી બનવાનું પોસાય તેમ નહોતા. છેવટે ભારતીયો ઈમિગ્રેશન નીતિઓના સૌથી મોટા લાભાર્થીઓમાંના એક છે, ખાસ કરીને પશ્ચિમી દેશો દ્વારા ઘડવામાં આવેલી નીતિઓના. મારા પોતાના પરિવારનું ઉદાહરણ લો. મારા મોટાભાગના સંબંધીઓ અમેરિકામાં રહે છે અને તેમણે પોતાનું ગુજરાન ખૂબ સારૂં ચલાવ્યું છે. અમેરિકાએ વિશ્વભરમાંથી મર્યાદિત સંખ્યામાં બુદ્ધિશાળી અને ઉચ્ચ લાયકાત ધરાવતા લોકોને સ્વીકાર્યા હોવાથી જ તેમના માટે અમેરિકામાં નવું જીવન નિર્માણ શક્ય બન્યું. હકીકતમાં ઘણા લોકો જેના ઉપર ભારતીયો ગર્વ અનુભવે છે તેમના પરિવારો અમેરિકામાં સ્થળાંતરિત થયા છે : સુંદર પિચાઈ, અજય બંગા, વિનોદખોસલા, સત્ય નડેલા અને કદાચ વિવેક રામાસ્વામી પણ અને આમાં એવા લોકોનો સમાવેશ થતો નથી જેઓ યુકે જેવા અન્ય દેશોમાં રહ્યા છે જેમ કે ઋષિ સુનક. ચાલો ટ્રમ્પની ભાષા સમજીએ છીએ. ટ્રમ્પે પોતાના ભાષણમાં કાયદેસર ઈમિગ્રન્ટ્સ (જેમ કે ઉપર ઉલ્લેખિત વ્યક્તિ) અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ વચ્ચે સ્પષ્ટ ભેદ પાડ્યો. અમેરિકાની દક્ષિણ સરહદ ઉપર રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવાનો તેમનો પ્રયાસ યોગ્ય લાયકાત ધરાવતા, કાયદેસર ઈમિગ્રન્ટ્સ પર નહીં પરંતુ ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરનારાઓ પર હતો. જ્યારે અમે તેમની વાત સાંભળી, ત્યારે અમે પોતાને કહ્યું કે, તેઓ ફક્ત મેક્સિકન લોકો વિશે જ વાત કરી રહ્યા હતા. પરંતુ આ સંપૂર્ણપણે સાચું નથી. તાજેતરના વર્ષોમાં અમેરિકી અધિકારીઓએ દક્ષિણ સરહદ દ્વારા ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા હજારો ભારતીયોને પકડ્યા છે. એક અંદાજ મુજબ દર કલાકે ૧૦ ભારતીયો ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરે છે. દેખીતી રીતે તેમાંના અડધા ગુજરાતી છે, જે મારા જેવા ગુજરાતીઓ માટે સતત શરમજનક છે, જેમને ગર્વ છે કે, કાયદેસર ગુજરાતી ઈમિગ્રન્ટ્સ (મારા પરિવારની જેમ) યુએસમાં કેટલું સારૂં કરી રહ્યા છે. તો ચાલો આપણે પોતાને એવું ન મનાવીએ કે ટ્રમ્પની નીતિઓ ભારતીયો ઉપર લાગુ પડશે નહીં. હકીકતમાં હજારો ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને આપણા દેશમાં પાછા મોકલવામાં આવશે. કેટલાક અહેવાલો અનુસાર અમે ૧૮૦૦ દેશનિકાલ કરાયેલા લોકોના પ્રથમ હપ્તાને સ્વીકારવા માટે તૈયાર છીએ. આ આપણને ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સના મુદ્દા ઉપર લાવે છે. સૈફ ઉપરના હુમલા પછી શિવસેનાએ બાલ ઠાકરે દ્વારા સૌપ્રથમ ઊઠાવવામાં આવેલા ભયનો પુનરોચ્ચાર કર્યો કે ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ મુંબઈ માટે ખતરો છે. રાજકારણીઓ તેનો ઈન્કાર કરી શકે છે, પરંતુ તેમાં કોઈ શંકા નથી કે આ ભાવના ઝડપથી સમગ્ર ભારતમાં પરંપરાગત શાણપણ બની રહી છે. આપણે કાનૂની ઈમિગ્રેશન ઉપર ચર્ચા કરી શકીએ છીએ. પરંતુ સામાન્ય ધારણા એ છે કે, આપણે બાંગ્લાદેશ જેવા દેશોમાંથી ગેરકાયદેસર ઈમિગ્રેશન પ્રત્યે ઉદાસીન રહી શકીએ નહીં. એક વિચિત્ર સમાંતર રીતે ભારતીયો જ્યારે તેમના દેશમાં ગેરકાયદેસર ઈમિગ્રેશનની વાત આવે છે ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના સમર્થકોની લાગણીઓને પડઘો પાડે છે. બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશી રહ્યા છે, તે બાબત તેમના કેસમાં મદદ કરતી નથી કે બાંગ્લાદેશમાં હાલમાં ભારત વિરોધી ભાવના ખૂબ જ છે અથવા ત્યાં હિન્દુઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. જો કે, ભારતમાં ઈમિગ્રેશન વિરોધી ભાવના હજુ સુધી અમેરિકાના સ્તરે પહોંચી નથી, પરંતુ આવનારા વર્ષોમાં તે ચોક્કસપણે એક મુખ્ય રાષ્ટ્રીય મુદ્દો બનવાની સંભાવના ધરાવે છે. મારા માટે સૌથી તાત્કાલિક ચિંતાનો વિષય એ છે કે, પશ્ચિમમાં ભારતીય ઈમિગ્રન્ટ્સને લગતા મુદ્દાઓ ઉપર આપણે કેવી પ્રતિક્રિયા આપવી જોઈએ. અત્યાર સુધી અમે ભારતના હિતોને ઈમિગ્રન્ટ્સ અને સંભવિત ઈમિગ્રન્ટ્સના હિત સાથે મજબૂત રીતે સંરેખિત કર્યા છે. વેપાર વાટાઘાટોમાં અમે ભારતીયોના વિદેશમાં રહેવા અથવા અભ્યાસ કરવાના અધિકારોને પ્રાથમિકતા આપી છે અને તેને ભારત માટે ફાયદાકારક માન્યું છે. પરંતુ શું તે ખરેખર આપણા રાષ્ટ્રીય હિતમાં છે ? આપણે આ કેમ માનવું જોઈએ ? મને લાગે છે કે, આ પ્રશ્નો પૂછવાનો સમય આવી ગયો છે.

## ૨૦૨૪માં અબજોપતિઓની સંપત્તિમાં અત્યંત વધારો થયો છે, દર અઠવાડિયે ૪ નવા અબજોપતિ બની રહ્યા છે : ઓક્સફેમ રિપોર્ટ

નવી દિલ્હી, તા.૩

વૈશ્વિક હિમાયતી જૂથ ઓક્સફેમ ઈન્ટરનેશનલ કહે છે કે ૨૦૨૪માં વૈશ્વિક સ્તરે અબજોપતિઓની સંપત્તિ પાછલા વર્ષ કરતા ત્રણ ગણી ઝડપથી વધી છે. વિશ્વના કેટલાક રાજકીય અને નાણાકીય ઉચ્ચ વર્ગ સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસમાં વાર્ષિક મિટિંગમાં હાજરી આપવા માટે આવી રહ્યા છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ની બેઠકના ઉદ્ઘાટન સમયે વૈશ્વિક અસમાનતાના તેના નવીનતમ મૂલ્યાંકનમાં ઓક્સફેમે જણાવ્યું હતું કે અબજોપતિઓની સંયુક્ત સંપત્તિ ગયા વર્ષે $2 ટ્રિલિયન વધીને $15 ટ્રિલિયન થઈ ગઈ છે. ટેકર્સ નોટ મેકર્સ શીર્ષકવાળા આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૪માં વિશ્વભરમાં ૨,૭૬૯ અબજોપતિ હતા, જે પાછલા વર્ષ કરતા ૨૦૪નો વધારો દર્શાવે છે. આ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે આ વર્ષ દરમ્યાન દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર નવા અબજોપતિઓ વધ્યા હતા અને અબજોપતિઓની સંપત્તિનો ૩/૫મો ભાગ વારસા, એકાધિકાર સત્તા અથવા 'ક્રોની કનેક્શન્સ' દ્વારા આવ્યો હતો. ઓક્સફેમે આગાહી કરી હતી કે આગામી દાયકામાં ઓછામાં ઓછા પાંચ ટ્રિલિયનિયર બનશે. એક વર્ષ પહેલાં આ જૂથે આગાહી કરી હતી કે તે સમયગાળામાં ફક્ત એક જ ટ્રિલિયનિયર વધશે. આપણા વૈશ્વિક અર્થતંત્ર ઉપર થોડા વિશેષાધિકારીઓ દ્વારા કબજો મેળવવાનું પ્રમાણ વધી રહ્યું છે જે એક સમયે અકલ્પનીય માનવામાં આવતો હતો. અબજોપતિઓને રોકવામાં નિષ્ફળતા હવે ટૂંક સમયમાં આવનારા ટ્રિલિયનિયર્સને જન્મ આપી રહી છે. અબજોપતિઓની સંપત્તિના સંચયનો દર ત્રણ ગણો વધ્યો છે એટલું જ નહીં, પરંતુ તેમની શક્તિ પણ વધી છે. ઓક્સફેમ ઈન્ટરનેશનલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અમિતાભ બિહરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓ અસમાનતાને વધુ વધારી શકે છે. ઓક્સફેમે જણાવ્યું હતું કે સરેરાશ, એક અબજોપતિની સંપત્તિમાં દરરોજ $20 લાખનો વધારો થયો છે. સૌથી ધનિક ૧૦ અબજોપતિઓ દરરોજ સરેરાશ $ 10 કરોડના દરે વધુ ધનવાન બન્યા હતા. જો તેઓ રાતોરાત તેમની સંપત્તિનો ૯૯ ટકા ગુમાવે તો પણ તેઓ અબજોપતિ રહેશે. અહેવાલમાં જણાવાયું છે કે તેનાથી વિપરીત, ૧૯૯૦ના દાયકાથી વિશ્વ બેંકની ગરીબી રેખા નીચે જીવતા લોકોની સંખ્યા ભાગ્યે જ ઓછી થઈ છે અને ભૂખ્યા લોકોની સંખ્યા વધી રહી છે. આ અહેવાલ યુએસ બિઝનેસ મેગેઝિન ફોર્બ્સ દ્વારા કરવામાં આવેલા અબજોપતિઓની સંપત્તિના અંદાજ અને વિશ્વ બેંકના ડેટા સહિતના સ્ત્રોતોમાંથી મળેલા ડેટા ઉપર આધારિત છે. તાજેતરમાં થયેલી દાવોસના આલ્પાઈન ગામમાં WEF બેઠકમાં લગભગ ૩,૦૦૦ ઉપસ્થિતો હાજર રહ્યા હતા. જેમાં બિઝનેસ એક્ઝિક્યુટિવ્સ, શિક્ષણવિદો, સરકારી અધિકારીઓ અને નાગરિક જૂથના નેતાઓનો સમાવેશ થાય છે. ટ્રમ્પ, જેમણે તેમના પ્રથમ કાર્યકાળ દરમ્યાન બે વાર દાવોસની મુલાકાત લીધી હતી અને પદના શપથ લીધા બાદ તેઓ વીડિયો દ્વારા ફોરમના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેઓ લાંબા સમયથી સંપત્તિ સંચયને સમર્થન આપે છે અને મલ્ટિબિલિયોનેર એલોન મસ્કને ટોચના સલાહકાર ગણે છે. ઓક્સફેમના બેહરે ટ્રમ્પ અને મસ્કનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તમે હાલમાં જે જોઈ રહ્યા છો તે એ છે કે આજે એક અબજોપતિ રાષ્ટ્રપતિ શપથ લીધા છે. જેને સૌથી ધનિક વ્યક્તિ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. આ કોઈ એક ચોક્કસ વ્યક્તિ વિશે નથી. તે આર્થિક વ્યવસ્થા છે જે અમે બનાવી છે જ્યાં અબજોપતિઓ હવે આર્થિક નીતિઓ, સામાજિક નીતિઓને આકાર આપી રહ્યા છે, જે આખરે તેમને જ વધુને વધુ નફો આપે છે. આ જૂથે સરકારોને અસમાનતા અને અતિશય સંપત્તિ ઘટાડવા અને નવા કુલીન વર્ગ માટે સૌથી ધનિકો ઉપર કર લાદવા હાકલ કરી. તેણે એકાધિકાર તોડવા, સીઈઓના પગારને મર્યાદિત કરવા અને કોર્પોરેશનોના નિયમન જેવા પગલાં લેવાની પણ હાકલ કરી છે.

## નવી મુંબઈ : છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે દેશમાં પ્રવેશ કરવા બદલ ૨૨૪ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ

**૨૦૨૩માં કુલ ૫૦૬ વિદેશીઓને દેશ નિકાલ કરવામાં આવ્યા હતા અને ૨૯૭ વિદેશીઓને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૮૯ બાંગ્લાદેશી હતા અને એમની સામે કુલ ૩૬ કેસ નોંધવામાં આવ્યા હતા, દરમ્યાન ૨૦૨૪માં ૬૬૯ વિદેશીઓને હાંકી કાઢવામાં આવ્યા અને ૫૪૦ને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા જેમાંથી ૧૩૫ ગેરકાયદે આવેલા બાંગ્લાદેશના વસાહતી હતા એમની સામે કુલ ૪૭ કેસ દાખલ કરવામાં આવ્યા**




મુંબઈ, તા.૩

છેલ્લા બે વર્ષ દરમ્યાન નવી મુંબઈની પોલીસે મહાનગરમાં રહેતા ગેરકાયદે વસાહતીઓ અને એમની પ્રવૃત્તિઓ સામેની ઝુંબેશને વધુ વેગવાન અને ઉગ્ર બનાવી દીધી છે જેના પરિણામે બે વર્ષમાં કુલ ૨૨૪ જેટલા બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી જે વસાહતીઓ ગેરકાયદે આવેલા હતા અથવા તો ગેરકાનૂની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. ૨૦૨૩ની સાલમાં કુલ ૫૦૬ વિદેશીઓને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા અને ૨૯૭ વિદેશીઓને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા હતા જેમાંથી ૮૯ બાંગ્લાદેશી હતા અને એમની સામે કુલ ૩૬ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે ૨૦૨૪માં ૬૬૯ વિદેશીઓને હાંકી કાઢવામાં આવ્યા હતા અને ૫૪૦ને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા હતા જેમાંથી ૧૩૫ બાંગ્લાદેશી હતા અને કુલ ૪૭ કેસ એમની સામે દાખલ કરવામાં આવ્યા હતા. સમગ્ર નવી મુંબઈમાં છેક ઠેકાણે પોલીસે ઓપરેશન હાથ ધરીને અને અભિયાન ચલાવીને તથા ઝૂંપડપટ્ટીઓ તથા બાંધકામની સાઈટ અને આડેધડ ઊભી થઈ ગયેલી ગેરકાનૂની વસાહતોમાં તપાસ ચલાવી હતી સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો દ્વારા તપાસ કરવામાં આવી હતી અને જે લોકો પકડાયા હતા તેમાંથી મોટાભાગના વસાહતીઓ પાસે કાયદેસરના દસ્તાવેજો નહોતા અને વિઝા કે વર્ક પરમિટ પણ નહોતી. ક્રાઈમ બ્રાન્ચ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર અજય લાંડગેએ જણાવ્યું હતું કે, ડ્રગમુક્ત નવી મુંબઈના અભિયાનના ભાગરૂપે અમે ગેરકાયદે પ્રવૃત્તિઓ કરી રહેલા તત્ત્વોને ઝડપી લેવા માટે દરોડાની કાર્યવાહી કરી રહ્યા છીએ. જે વિદેશીઓને હાંકી કાઢવામાં આવ્યા છે તેમાંથી મોટાભાગના નાઈજીરિયાના છે. કોઈપણ વિદેશી નાગરિકને મકાન કે ફ્લેટ ભાડે આપવામાં આવે તો સ્થાનિક પોલીસને જાણ કરવા માટે શહેરીજનોને અપીલ કરવામાં આવી છે. એક સિનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, પકડાયેલામોટાભાગના બિનસંગઠિત શ્રમ ક્ષેત્રમાં કામ કરી રહ્યા હતા. બાંધકામની સાઈટ ઉપર અથવા તો ઘરનો કર તરીકે અથવા તો નાના મોટા વ્યવસાયિકોને ત્યાં કામ કરી રહ્યા હતા. કેટલાક લોકો વધુ સારી તકો અને રોજગારી માટે ભારતમાં આવ્યા હતા અને તેમાંથી થોડા ઘણા લોકો ગેરકાનૂની પ્રવૃત્તિઓમાં લાગી ગયેલા દેખાયા હતા. નવી મુંબઈ પોલીસ તેનું અભિયાન વધુ જોરદાર બનાવી રહી છે અને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને નજર રાખી રહી છે અને બાતમીદારની ફોજ પણ વધારવામાં આવી રહી છે. સ્થાનિક નાગરિકોને માર્ગદર્શન આપવા માટે જાગૃતિ કેમ્પ ઉપર યોજવામાં આવી રહ્યા છે. નાગરિકોની મદદ માટે અને તેઓ ડ્રગ્સ વગેરે ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ ચાલતી હોય તો ગુપ્ત રીતે જાણ કરી શકે એ માટે હેલ્પલાઈન નંબર ૮૮૨૮૧૧૨ ૧૧૨ જાહેર કરવામાં આવ્યો છે. જે લોકો માહિતી આપે તેમના નામ ગુપ્ત રહેશે એવું નવી મુંબઈના કમિશનર મિલિંદ ભારંબેએ જણાવ્યું હતું.

## કેજરીવાલે જાહેર કર્યો 'મધ્યમ વર્ગ'નો આમ આદમી પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો : કેન્દ્ર સરકાર સમક્ષ સાત માંગણીઓ મૂકી

નવી દિલ્હી, તા.૩

AAPના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે તાજેતરમાં દેશના મધ્યમ વર્ગ માટે સાત મુદ્દાનો 'ઘોષણાપત્ર' જાહેર કર્યો, જેમાં કહ્યું કે દરેક સરકારો દ્વારા તેમની અવગણના કરવામાં આવી છે અને તેઓ 'કર આતંકવાદ'નો ભોગ બન્યા છે. એક વીડિયો સંદેશમાં, તેમણે કહ્યું કે મધ્યમ વર્ગ ભારતીય અર્થતંત્રની વાસ્તવિક મહાસત્તા છે પરંતુ લાંબા સમયથી ફક્ત કર વસૂલાત માટે અવગણના અને શોષણ કરવામાં આવ્યું છે. કેજરીવાલે મધ્યમ વર્ગની ચિંતાઓને દૂર કરવાના હેતુથી સાત મુદ્દાનો 'ઘોષણાપત્ર' જાહેર કર્યો છે. આ માંગણીઓમાં શિક્ષણ બજેટ હાલના ૨ ટકાથી વધારીને ૧૦ ટકા કરવું અને ખાનગી શાળાઓની ફી મર્યાદા નક્કી કરવી શામેલ છે. તેમણે ઉચ્ચ શિક્ષણ માટે સબસિડી અને શિષ્યવૃત્તિનો પણ પ્રસ્તાવ મૂક્યો જેથી ગુણવત્તાયુક્ત શિક્ષણ બધા માટે સુલભ બની શકે. આપના વડાએ આરોગ્ય વીમા પ્રીમિયમ ઉપરના કરને દૂર કરવા સાથે, આરોગ્ય સંભાળ ખર્ચમાં વધારો કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો, જેમાં GDPના ૧૦ ટકા સુધીનો વધારો સૂચવવામાં આવ્યો છે. બીજી માંગ આવશ્યક ચીજવસ્તુઓ ઉપરનો GST દૂર કરવાની હતી, અને કેજરીવાલે દલીલ કરી હતી કે તે મધ્યમ વર્ગના પરિવારોને અપ્રમાણસર અસર કરે છે. તેમણે ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં વરિષ્ઠ નાગરિકો માટે મફત આરોગ્યસંભાળ સહિત વધુ મજબૂત નિવૃત્તિ યોજનાઓની પણ હિમાયત કરી હતી. તેમણે કેન્દ્ર સરકારને વરિષ્ઠ નાગરિકો માટે ટ્રેન ભાડા ઉપર ૫૦ ટકા છૂટ ફરીથી સ્થાપિત કરવા વિનંતી કરી, જે તાજેતરના વર્ષોમાં બંધ કરવામાં આવી હતી. કેજરીવાલે રાજકીય પક્ષોની આઝાદી પછી મધ્યમ વર્ગને ગુલામ માનસિકતા તરીકે વર્ણવવા બદલ ટીકા કરી હતી. તેમણે વચન આપ્યું હતું કે AAP સાંસદો આગામી સંસદીય સત્રોમાં મધ્યમ વર્ગનો અવાજ ઉઠાવશે, તેમના આ મુદ્દાઓને રાજકીય ચર્ચાનું કેન્દ્રબિંદુ બનાવવાનું વચન આપ્યું હતું. આ જાહેરાત ૫ ફેબ્રુઆરીએ યોજાનારી દિલ્હી વિધાનસભા ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલા કરવામાં આવી છે. પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. ૨૦૨૦માં ૭૦ વિધાનસભા બેઠકોમાંથી ૬૨ બેઠકો જીતનાર આમ આદમી પાર્ટી સતત ત્રીજી વખત ચૂંટણી લડી રહી છે.

## બીજી ઈનિંગના પ્રારંભે ટ્રમ્પના કડાકા ભડાકા



(એજન્સી) તા.૩

અમેરિકાના આખાબોલા અને કંઈક અંશે વિચિત્ર એવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રમુખ પદનો ભાર સંભાળ્યા બાદ કટોકટી લાદવાથી માંડીને ઘણી બધી એવી ઘોષણાઓ કરી છે કે, જેને કારણે વિશ્વમાં તેની ચર્ચા ચાલી છે અને એમાં કશું અજુગતું પણ નથી કારણ કે, વિશ્વની મહાસત્તા તરીકે અમેરિકાના દરેક કદમ પ્રત્યે વિશ્વનું ધ્યાન દોરાય એ સ્વાભાવિક છે. આપણે ત્યાં કોઈ પોલીસ મથકનો હવાલો નવો ફોજદાર સંભાળે ત્યારે વિસ્તારમાં ધાક જમાવવા બે ડંડા વધારે પછાડે છે ત્યારે આ તો જગત જમાદાર તરીકે બિરાજેલા ટ્રમ્પ આવા કડાકા ભડાકા ન કરત તો જ નવાઈ લાગત. જો કે, ટ્રમ્પના આ ધડાકા વિસ્ફોટક સાબિત થાય છે કે, સૂરસૂરિયાં થઈ જશે એની તો આગામી સમયમાં જ ખબર પડશે. પરંતુ એટલું જરૂર છે કે, ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકેનો બીજો કાર્યકાળ નવા જોશ સાથે શરૂ કર્યો છે. પોતાના શપથ ગ્રહણ સંબોધનમાં તેમણે ખાતરી આપી હતી કે, અમેરિકા હવે તેના સુવર્ણ યુગમાં પાછું ફરવા જઈ રહ્યું છે. જો કે, ચૂંટણી પ્રચાર દરમિયાન પણ તેઓ વારંવાર કહેતા રહ્યા કે સત્તામાં આવ્યા પછી તેઓ 'અમેરિકા ફર્સ્ટ'ની નીતિ ઉપર કામ કરશે. સત્તા સંભાળતાની સાથે જ તેમણે તેનો અમલ શરૂ કરી દીધો. શપથ લીધા પછી તરત જ તેમણે ઘૂસણખોરી રોકવા માટે સરહદ પર કટોકટી લાદી દીધી. અમેરિકા વિશ્વ આરોગ્ય સંગઠનથી અલગ થયું. પેરિસ આબોહવા કરારને અમાન્ય કરવામાં આવ્યો છે. બ્રિક્સ દેશોને ચેતવણી આપવામાં આવી છે કે, જો તેમાંથી કોઈ પણ અમેરિકાની નીતિઓ વિરૂધ્ધ જવાનો પ્રયાસ કરશે તો તેમનધ્ ગંભીર પરિણામો ભોગવવા પડશે. તે ઈમિગ્રેશન નિયમો અને કાયદા કડક બનાવવા માંગે છે. તેમણે અમેરિકામાં નિકાસ કરતા ઘણા દેશો ઉપર ભારે ડ્યુટીની જાહેરાત કરી છે અને તેઓ અન્ય દેશો ઉપર પણ આવા જ પગલાં લેવા જઈ રહ્યા છે. તેમણે ઝડપી ગતિએ વહીવટી ફેરબદલ શરૂ કરી દીધા છે. આના કારણે વિશ્વના તમામ દેશો ટ્રમ્પ વહીવટીતંત્ર તેમની સાથે કેવું વર્તન કરે છે તેના ઉપર નજર રાખી રહ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પ તેમના પહેલા કાર્યકાળ દરમ્યાન પણ અમેરિકા-કેન્દ્રિત નીતિઓના પક્ષમાં હતા. તે સમય દરમ્યાન તેમણે વાણિજ્ય, વેપાર અને ઈમિગ્રેશન સંબંધિત નીતિઓને કડક બનાવવાના પ્રયાસો કર્યા. જો કે, દબાણ હેઠળ, તેમણે H-1B વિઝા ઉપર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય પાછો ખેંચવો પડ્યો. આ વખતે પણ, પદ સંભાળતા પહેલા તેમણે આ વિઝાનાબૂદ કરવાની જાહેરાત કરી હતી, પરંતુ એલોન મસ્કના દબાણને કારણે તેમણે તેને વધુ મહત્ત્વ આપ્યું નથી. જો કે, તેમણે જાહેરાત કરી છે કે, ઈમિગ્રેશન અને નાગરિકતાના નિયમો કડક કરવામાં આવશે. સ્વાભાવિક છે કે, આનાથી ઘણા લોકોને અમેરિકા છોડીને પોતાના દેશમાં પાછા ફરવાની ફરજ પડશે. આ ડર ત્યાં રહેતા ભારતીય મૂળના લોકોને સૌથી વધુ ચિંતામાં મૂકી રહ્યો છે. જો કે, ટ્રમ્પે હજુ સુધી ભારત સામે કોઈ કડક કાર્યવાહી કરવાની વાત કરી નથી.

અત્યાર સુધી ભારત સાથે અમેરિકાના સંબંધો સૌહાર્દપૂર્ણ રહ્યા છે. વાણિજ્ય અને વેપારમાં સંતુલન છે. ચીન સાથે રાજદ્વારી સંબંધોમાં આટલી કડવાશ ક્યારેય જોવા મળી નથી જેટલી તાજેતરમાં જોવા મળી છે. પરંતુ ટ્રમ્પે જે આક્રમક રીતે કામ કરવાનું શરૂ કર્યું છે અને જે પ્રકારના નિર્ણયો લેવાનું કહી રહ્યા છે તે જોતા કેટલીક આશંકા સ્વાભાવિક છે.

હાલની પરિસ્થિતિમાં અમેરિકા ચીન સાથે સ્પર્ધા કરે છે. ટ્રમ્પે વાણિજ્ય અને વેપારમાં અસંતુલન ઉપર ભાર મૂકતી વેળાએ વારંવાર ચીનનો ઉલ્લેખ કર્યો છે. તેમને લાગે છે કે, ચીને અમેરિકા પાસેથી ઘણો ફાયદો ઊઠાવ્યો છે અને બદલામાં બહુ ઓછું આપ્યું છે. એટલા માટે તેમણે ચીની માલ ઉપર ભારે કર લાદવાની વાત કરી છે. તેમણે વિશ્વ આરોગ્ય સંગઠનથી પણ અમેરિકાનો છેડો ફાડવાની વાત કરી છે. તેઓ કોરોના મહામારી દરમિયાન આરોગ્ય સંસ્થાના પક્ષપાતી વલણનો સતત ઉલ્લેખ કરતા રહ્યા છે. તેવી જ રીતે પેરિસ ક્લાઈમેટ કરારને ચીનની ચાલાકી ગણાવવામાં આવી છે. પરંતુ ચીન સામે કોઈ કડક કાર્યવાહી કરતા પહેલાં ટ્રમ્પ વહીવટીતંત્રે એલોન મસ્કના હિતોનો સામનો કરવો પડશે. મસ્કનો ચીનમાં મોટો વ્યવસાય છે. ત્યારે હવે ભારતે ખાસ સંભાળીને ચાલવું પડશે કારણ કે, ટ્રમ્પ ભારત સાથેના સંબંધોને કેવો વળાંક આપે છે એની ઉપર ઘણું બધું નિર્ભર કરે છે.

### રિલાયન્સ મહાકુંભમાં લાખો યાત્રાળુઓની સેવામાં સમર્પિત...

# મહાકુંભ-૨૦૨૫માં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા 'તીર્થ યાત્રી સેવા' શરૂ કરાઈ

## 'વી કેર' ફિલસૂફી દ્વારા યાત્રાળુઓને પૌષ્ટિક ભોજન અને આવશ્યક આરોગ્ય સંભાળથી લઈને સુરક્ષિત પરિવહન અને સીમલેસ કનેક્ટિવિટી સુધીની અનેક સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે







(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૩

ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર જળના પ્રયાગરાજના સંગમ તટે લાખો લોકો મહાકુંભ ૨૦૨૫ની આધ્યાત્મિક યાત્રાએ આવી રહ્યા છે. સ્વ-ની શોધ અને દૈવી કૃપા માટે જીવનમાં એકવાર આવેલી આ યાત્રારૂપી તક ઘણા લોકો માટે પડકારરૂપ બની શકે છે. આ સ્થિતિને ધ્યાને રાખીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે 'તીર્થ યાત્રી સેવા' શરૂ કરી છે, જે યાત્રાળુઓની યાત્રાને સરળ બનાવવા તેમજ તેમની સુખાકારી સુનિશ્ચિત કરવા માટેની એક વ્યાપક પહેલ છે.

પોતાની 'વી કેર' ફિલસૂફી દ્વારા માર્ગદર્શન પામીને રિલાયન્સ યાત્રાળુઓને પૌષ્ટિક ભોજન અને આવશ્યક આરોગ્ય સંભાળથી લઈને સુરક્ષિત પરિવહન અને સીમલેસ કનેક્ટિવિટી સુધીની અનેક સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

''એવું કહેવાય છે કે જ્યારે આપણે તીર્થયાત્રીઓની સેવા કરીએ છીએ ત્યારે આપણને પણ આશીર્વાદ મળે છે. આધ્યાત્મિક યાત્રા પર ગયેલા યાત્રીઓ માટે અમારી સેવાઓ, સહસ્ત્રાબ્દીમાં એક વખત આવતા આ પ્રસંગમાં અહીં આવનારા લોકોમાંથી સૌથી વધુ જરૂરિયાતમંદ લોકોની જરૂરિયાતો પૂરી કરવાનો હેતુ ધરાવે છે,'' તેમ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડાયરેક્ટર અનંત અંબાણીએ જણાવ્યું હતું. "અમે અમારી 'વી કેર' ફિલસૂફીમાં માનીએ છીએ. વિશ્વના સૌથી મોટા ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગ એવા મહાકુંભમાં લાખો યાત્રાળુઓના સ્વાસ્થ્ય, કલ્યાણ અને સલામતીને સક્ષમ બનાવવા અને તેમની મુસાફરીને વધુ સુરક્ષિત, અનૂકૂળ અને સરળ બનાવવાની અમને મળેલી આ તક છે.''

**યાત્રાળુઓની યાત્રાને સરળ બનાવવાના આઠ પ્રયાસો:**

૧. આત્માની તૃપ્તિ (અન્ન સેવા): વ્યક્તિની દૈનિક જરૂરિયાતના ભાગરૂપે રિલાયન્સ તેના અન્ના સેવા કાર્યક્રમ દ્વારા દરરોજ હજારો યાત્રાળુઓને ગરમ અને પૌષ્ટિક ભોજન પૂરું પાડે છે. રિલાયન્સના સ્વયંસેવકો વિવિધ અખાડાઓમાં મફત ભોજન અને પાણીની વ્યવસ્થા પૂરી પાડી રહ્યું છે. 'વી કેર' ભાવનાને જાળવી રાખીને, તેઓ શક્ય બને એ રીતે દરેક તીર્થયાત્રીઓને સક્રિયપણે મદદ કરી રહ્યા છે.

૨. સ્વાસ્થ્ય સંભાળની સર્વગ્રાહી સુવિધા: યાત્રાળુઓના સ્વાસ્થ્ય અને સલામતીની ખાતરી કરવી સર્વોપરી છે. રિલાયન્સ ફાઉન્ડેશન ૨૪૮૭ તબીબી સંભાળ પૂરી પાડે છે જેમાં પુરૂષો અને મહિલાઓના વોર્ડ, ઓપીડી અને ડેન્ટલ સેવાઓ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. મહિલા યાત્રાળુઓની અનન્ય જરૂરિયાતોનું ધ્યાન રાખીને રિલાયન્સ મફત સેનિટરી નેપકિનનું પણ વિતરણ કરી રહ્યું છે.

૩. યાત્રાને સુવિધાજનક બનાવવી: વૃદ્ધો અને મર્યાદિત ગતિશીલતા ધરાવતા લોકો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને ધ્યાને રાખીને રિલાયન્સે કુંભ મેળાના મેદાનમાં અનુકૂળ પરિવહન માટે ઈલેક્ટ્રિક વાહનો અને ગોલ્ફ કાર્ટ પૂરા પાડ્યા છે.

આ ઉપરાંત, પ્રયાગરાજથી સંગમ સુધી સમર્પિત વાહનવ્યવહારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જે તમામ તીર્થયાત્રીઓને આવન જાવનની આસાન સુવિધા પૂરી પાડે છે.

૪. પવિત્ર જળમાં પણ સુરક્ષાનો બંદોબસ્ત: પવિત્ર જળમાં ડૂબકી લગાવવા જતા યાત્રાળુઓની તેમજ બોટમેન અને જલ પોલીસની સલામતી સુનિશ્ચિત કરવા માટે રિલાયન્સ જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી પવિત્ર નદીમાં ચાલતી હોડીઓમાં લાઈફ જેકેટ્સ પૂરા પાડે છે અને સલામતીનાં પગલાંને મજબૂત બનાવે છે.

૫. આરામદાયક રેસ્ટ ઝોન: રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે (આરસીપીએલ) કેમ્પા આશ્રમોની સ્થાપના કરી છે - યાત્રાળુઓને તેમની મુસાફરી દરમિયાન સુવિધાજનક અને આરામદાયક જગ્યા પૂરી પાડવા માટે આરામ કક્ષ તૈયાર કરાયા છે.

૬. સ્પષ્ટ દિશાસૂચન: તીર્થયાત્રીઓને કુંભના સ્થળના વિશાળ વિસ્તારમાં વિહરવામાં સરળતા રહે તે માટે સમગ્ર કુંભ મેળાના મેદાનમાં સ્પષ્ટ અને સરળતાથી વાંચી શકાય તેવા સંકેતો સાથે દિશાસૂચક બોર્ડ લગાવવામાં આવ્યા છે.

૭. વધુ બહેતર કનેક્ટિવિટી: જિયોએ પ્રયાગરાજમાં નવા 4G અને 5G બીટીએસ ઈન્સ્ટોલ કરીને હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરીને અને મહત્વપૂર્ણ સ્થાનો પર ટ્રાન્સપોર્ટેબલ ટાવર અને નાના સેલ સોલ્યુશન્સ ગોઠવીને નોંધપાત્ર રીતે કનેક્ટિવિટીમાં વધારો કર્યો છે. બધા માટે સીમલેસ કમ્યુનિકેશન સુનિશ્ચિત કરવા માટે મુખ્ય વિસ્તારોમાં નવા ઓપ્ટિકલ ફાઈબર નાખવામાં આવ્યા છે.

૮. સુરક્ષાકર્મીઓ માટે સહાય: પોલીસની અમૂલ્ય સેવાને ધ્યાને રાખીને રિલાયન્સ પોલીસ બૂથ્સમાં પર પાણી પૂરું પાડે છે અને તમામ મુલાકાતીઓની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બેરિકેડ્સ અને વૉચ ટાવર સાથેના તેમના પ્રયાસોમાં પણ મદદ પૂરી પાડે છે.

રિલાયન્સ શારદા પીઠ મઠ ટ્રસ્ટ દ્વારકા, શ્રી શંકરાચાર્ય ઉત્સવ સેવાલય ફાઉન્ડેશન, નિરંજની અખાડા, પ્રભુ પ્રેમી સંઘ ચેરીટેબલ ટ્રસ્ટ અને પરમાર્થ નિકેતન આશ્રમ સહિતની પ્રસિદ્ધ આધ્યાત્મિક સંસ્થાઓ સાથે સહયોગ કરી રહ્યું છે, જેથી આ સંસ્થાઓની સેવાઓની પહોંચને મહત્તમ કરી શકાય અને યાત્રાળુઓના વિશાળ વર્ગ સુધી પહોંચી શકાય.

લાખો શ્રદ્ધાળુઓ પ્રયાગરાજમાં એકત્ર થતાં હોવાથી રિલાયન્સ મહાકુંભ ૨૦૨૫ના સમગ્ર સમયગાળા દરમિયાન સમુદાયની જરૂરિયાતો પૂરી કરવા માટે પ્રતિબદ્ધ છે. 'તીર્થ યાત્રી સેવા' દ્વારા રિલાયન્સ એ બાબત સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે યાત્રાળુઓની યાત્રા સુરક્ષિત, આરામદાયક અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બને.

# કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા ફોર્મ ભરવાના અંતિમ સમયે ઉમેદવારો જાહેર કર્યા

### કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં ભાજપે ૯ મુસ્લિમ ઉમેદવારો જ્યારે કોંગ્રેસે ૭ ઉમેદવારો મેદાનમાં ઊતાર્યા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩

કોડીનાર નગરપાલિકાની ચૂંટણી જાહેર થયા બાદ ગઈકાલે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કોંગ્રેસ દ્વારા કોડીનાર નગરપાલિકાના ૭ વોર્ડના ૨૮ ઉમેદવારોના નામોની સતાવાર જાહેરાત કરી હતી. કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલ ઉમેદવારોની યાદીમાં ૭ મુસ્લિમ ઉમેદવારોને પણ ટિકીટ ફાળવવામાં આવી છે.

કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસ કરતા વધુ એટલે કે સહુથી વધુ ૯ મુસ્લિમ ઉમેદવારોને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે જ્યારે કોંગ્રેસે ફક્ત ૭ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઊતાર્યા છે. તેમજ કોંગ્રેસ દ્વારા ત્રણ ઉમેદવારોને બે બે વોર્ડમાંથી મેદાનમાં ઉતારાયા છે. કોંગ્રેસ દ્વારા આજે જાહેર કરાયેલ વોર્ડવાઈઝ ઉમેદવારોમાંની યાદી નીચે મુજબ છે.

વોર્ડ નં.૧ રસીલાબેન અજીતભાઈ ડોડીયા, મીનાબેન રમેશભાઈ વાઘેલા, અમરસિંહ ભગવાનભાઈ જાદવ, ભરતભાઈ નાથાભાઈ કાતિરા, વોર્ડ નં.માં વર્ષાબેન ભરતભાઈ કાતીરા, સબાનાબેન સાજીદભાઈ જેઠવા, અજય ઉકાભાઈ બાંભણીયા, રણજીતભાઈ માલાભાઈ પરમાર, વોર્ડ નં.૩ માં મેમુનાબેન અલ્તાફભાઈ હાલાઈ, આસુમાં ઓસમાણ પઠાણ, પ્રદીપભાઈ ભીખાભાઈ ડોડીયા, મેંહદીહસન સૈયદમેહમુદ નકવી, વોર્ડ નં.૪ માં કડવિબેન ભાણાભાઈ કામલીયા, મીનાબેન રમેશભાઈ વાઘેલા, મહેબૂબખાન ગુલાબખા પઠાણ, ચેતનભાઈ નાનજીભાઈ કામલીયા, વોર્ડ નં.પમાં જ્યાબેન ભીખુભાઈ કામલીયા, શિફાબેન આદીલભાઈ જુણેજા, મેંહદીહસન સૈયદમેહમુદ નકવી, વજુભાઈ રણસિંહ બાંભણીયા, વોર્ડ નં.૬માં જ્યાબેન ભીખુભાઈ કામલીયા, દિવ્યાબેન રમેશભાઈ ચુડાસમા પુષ્પાબેન મહેશભાઈ મકવાણા, ચેતનભાઈ નાનજીભાઈ કામલીયા, વોર્ડ નં.માં વિલાસબેન દીપકભાઈ રાઠોડ, મણીબેન રમેશભાઈ મકવાણા, ભીખાભાઈ ભાણાભાઈ કામલિયા, મોહંમદ રફીક અબ્દુલ બેહરૂનીનો સમાવેશ થાય છે.

# કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ૯૬ ફોર્મ ભરાયા

### ભાજપમાંથી ૨૮, કોંગ્રેસ ૨૮ અને આપમાંથી ૧૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

કોડીનાર તા.૩

કોડીનાર નગરપાલિકાની ચૂંટણીમાં આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ૯૬ ફોર્મ ભરાયાં છે. ફોર્મ ભરવાના ગઈકાલે છેલ્લા દિવસે ફોર્મ ભરવા માટે ઉમેદવારો એ ભારે ઘસારો કર્યો હતો. ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપમાંથી ૨૮ , કોંગ્રેસમાંથી ૨૮ અને આમ આદમી પાર્ટીમાંથી ૧૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. કોડીનાર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસની સાથે આમ આદમી પાર્ટીએ ચૂંટણીમાં ઝુકાવતાં ત્રિપાંખિયો ચૂંટણી જંગ થવાના એંધાણ છે. ત્યારે ભાજપ પૂર્વ સાંસદ દીનુભાઈ સોલંકીના નેતૃત્વમાં વિકાસના મુદ્દે ફરી એક વખત નગરપાલિકા કબજે કરવા અને કોંગ્રેસ ભાજપનું વિજય રથ રોકવા મેદાનમાં ઉતરશે ત્યારે ફોર્મ ચકાસણી અને ફોર્મ પરત ખેંચાયા બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા બાદ ભર શિયાળામાં કોડીનાર નગરપાલિકાની ચૂંટણીનો ગરમાવો આવશે.

### જૂનાગઢ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની

# ચૂંટણી સંદર્ભે મતદાન મથકો તથા તેની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તાર માટે નિયંત્રણો જાહેર કરાયા

જૂનાગઢ, તા.૩

રાજ્યના ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત ફેબ્રુઆરીમાં જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ મહાનગરપાલિકા તથા કુલ ૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તેમજ જૂનાગઢ જિલ્લાની તાલુકા પંચાયતની કુલ ૨ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણીઓ સંદર્ભે ન્યાયી પ્રક્રિયા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે ચૂંટણી તરફથી મતદાનના દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં અને મતગણતરીના દિવસે મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશના નિયમન માટે ગોઠવાયેલ સિક્યુરિટી ફોર્સના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ સેલ્યુલર/ મોબાઈલ ફોન/ કોડલેસ ફોન/ વાયરલેસ સેટ વગેરે લઈ જઈ શકશે નહીં કે તેનો ઉપયોગ કરી શકશે નહીં. તેમજ સુચનાનો ભંગ કરનાર વ્યક્તિ પાસેથી જપ્ત કરાયેલ સાધન ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યક્તિને પરત સોંપવામાં આવશે.

ઉપરોક્ત વિગતે ફેબ્રુઆરી ૨૦૨૫ માં યોજાનાર જૂનાગઢ મહાનગરપાલિકા, બાંટવા, વિસાવદર, માણાવદર, વંથલી, માંગરોળ તથા ચોરવાડ નગરપાલિકાઓ તથા વંથલી તાલુકા પંચાયતના ૬- કણજા મતદાર મંડળ તથા જૂનાગઢ તાલુકા પંચાયતના ૧૫- પ્લાસવા મતદાર મંડળના મતદાર વિસ્તારના મતદાન દિવસ તારીખ ૧૬/૨/૨૦૨૫ તથા મતગણતરી દિવસ તારીખ ૧૮/૨/૨૦૨૫ ના રોજ મતદાન મથકો તથા તેની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં અને મતગણતરીના દિવસે મત ગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશ ના નિયમન માટે ગોઠવાયેલ સિક્યુરિટી ફોર્સના વિસ્તારમાં મતદાન તેમજ મત ગણતરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ અને અધિકૃત પ્રવેશપત્ર ધરાવતા પત્રકારો સિવાયના કોઈપણ વ્યક્તિ સેલ્યુલર/ મોબાઈલ ફોન,કોડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરે લઈ જવાનો તથા તેનો ઉપયોગ કરવા અંગે જૂનાગઢ જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી અનિલ રાણાવસિયાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ મળેલ અધિકારની રૂએ પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ પાસેથી તે સાધન જે તે સત્તાધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે. અને મતગણતરી પુરી થયા પછી ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યક્તિને તેનું જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે. ઉપરાંત બીએનએસ ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ તે વ્યક્તિનો ગુન્હો સાબિત થયે થી ૬ માસની સાદી કેદ અગર રૂા. ૨૫૦૦ સુધીનો દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે.



ટ્રાફીક નિયમોના ભંગની દંડની રકમ ભરવા માટે આવકનો સ્ત્રોત વધારવો પડશે.!



બજેટ સત્રમાં બુમરાડા પાડવાનું બજેટ બનાવ્યું.?

# દેશી કુળની ગાયનાં ગૌમુત્રનું વૈજ્ઞાનિક, તબીબી મૂલ્ય : ગૌમૂત્રનું સેવન કરશે અનેક રોગોનું નિકંદન



ગાયના દુધનું જેટલું મહત્વ છે તેટલું જ ગૌમૂત્રનું પણ મહત્વ છે. પ્રાચીનકાળથી જ હિન્દુ ધર્મમાં ગાયને માતા કહેવામાં આવે છે. ગાયનું દૂધ, તેનું ઘી, તેનું છાણ વગેરે વસ્તુઓ શરીરને સ્વસ્થ રાખે છે. એટલું જ નહીં પરંતુ ગાયનું ગૌમૂત્ર પણ સ્વાસ્થ્ય માટે એટલું જ લાભદાયી છે. ગાયનું મૂત્ર રોગમુક્ત બનાવે છે. ભારત દેશમાં ગાયો ઘણા બધા પ્રકારની જોવા મળે છે, પરંતુ દેશી ગાયનું ગૌમૂત્ર શ્રેષ્ઠ હોય છે. તેના મૂત્રમાં વધારે માત્રામાં ઔષધીય ગુણો જોવા મળે છે. પ્રાચીનકાળથી જ ગૌમૂત્રનો ઉપયોગ એક ઔષધી તરીકે કરવામાં આવે છે. ગૌમૂત્ર જીવાણુનાશક હોય છે અને તેમાં નાઈટ્રોજન, કોપર, ફોસ્ફેટ, પોટેશિયમ અને યુરિક એસિડ જેવા મહત્વનાં અનેક ઘટકો રહેલા હોય છે. જે ઘણા રોગોને દૂર કરી શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. નિયમિત રીતે ગૌમૂત્રનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને લોહી શુદ્ધ થાય છે. તે મગજ અને હૃદય બંનેને શક્તિશાળી બનાવે છે. જો કે ગર્ભવતી હોય તેવી મહિલાએ ગાયનું મૂત્ર પીવું ન જોઈએ.આ ઉપરાંત એક સ્વસ્થ વ્યક્તિ એ ૪૫ ગ્રામ, તેમજ બીમાર વ્યક્તિએ ૧૦૦ ગ્રામ ગૌમુત્રનું સેવન કરવું જોઈએ. તેનાથી વધારે સેવન કરવું નહીં. જો વધુ સેવન કરો તો શરીરને નુકસાન પણ થઈ શકે છે. ગાયનું ગૌમૂત્ર હંમેશા કાચ અથવા માટીના વાસણમાં જ લેવું જોઈએ ત્યારબાદ તેને સ્વચ્છ કપડાંથી ત્રણવાર ગાળી લેવું અને એક કપના ચોથા ભાગ જેટલા ગૌમૂત્રનો સેવન સવારે ખાલી પેટ કરવું જોઈએ. કેન્સર કરક્યુમીન નામના તત્વની ઉણપથી થાય છે. આ તત્વ ગૌમૂત્રમાં ભરપુર માત્રામાં હોય છે. તેથી તે ગળાનું, પેટનું તથા અન્નનળીનું કેન્સર મટાડવામાં મદદ કરે છે. ટી.બી.ના દર્દી માટે પણ ગૌમૂત્ર લાભદાયી છે. જો કોઈ વ્યક્તિને ટીબી હોય તો ડોઝ દ્વારા નવ મહિનામાં ખતમ થઈ જાય છે. જ્યારે ગૌમૂત્રના નિયમિત સેવનથી તેને ત્રણ થી છ મહિનામાં દૂર કરી શકાય છે. શરીરમાં સલ્ફર તત્વની ઉણપથી ત્વચા સંબંધી અલગ અલગ રોગો થતા હોય છે. જો ગૌમૂત્રનું નિયમિત સેવન કરવામાં આવે તો ત્વચા સંબંધી કોઈપણ રોગ દૂર કરી શકાય છે. આ ઉપરાંત ત્રિફળા અને ગૌમુત્રનું એકસાથે સેવન કરવાથી એનિમિયાની સમસ્યાને દૂર કરી શકાય છે. આ ઉપરાંત વાત, પિત્ત અને કફ ત્રણેય નિયંત્રિત કરવા માટે માત્ર એક ગૌમૂત્ર જ કાફી છે. નિયમિત પણે ખાલી પેટ ગૌમુત્રનું સેવન કરવાથી વાત, પિત્ત અને કફ આ ત્રણેય સમસ્યાઓનું નિવારણ લાવી શકાય છે.

**- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# ૧૭ મી અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા સંપન્ન







● ૩૨.૩૪ મિનિટના સમય સાથે સિનિયર બહેનોમાં ઉત્તર પ્રદેશની તામસી સિંઘ પ્રથમ ● ૫૩.૨૮ મિનિટના સમય સાથે સિનિયર ભાઈઓમાં ઉતરાખંડના દિગંબર સીંઘ પ્રથમ
● ૩૩.૪૦ મિનિટના સમય સાથે જુનિયર બહેનોમાં વારાણસીની રંજના યાદવ પ્રથમ ● ૫૬.૪૧ મિનિટના સમય સાથે જુનિયર ભાઈઓમાં ઉતરપ્રદેશના બબલુભાઈ સીસોદિયા પ્રથમ

જૂનાગઢ,તા.૩

જોમ અને જુસ્સા સાથે રાજયના સૌથી ઊંચા પર્વત ગિરનારને સર કરવા આજે દેશના ૨૦ રાજ્યોના ૫૭૦ સ્પર્ધકોએ દોટ મૂકી હતી.

સ્પર્ધામાં સિનિયર બહેનોમાં પ્રથમ ક્રમે ૩૨.૩૪ મિનિટના સમય સાથે ઉત્તર પ્રદેશની તામસી સિંઘે મેદાન માર્યું હતું. સિનિયર ભાઈઓમાં પ્રથમ ક્રમે ઉતરાખંડના દિગંબર સીંઘે ૫૩.૨૮ મિનિટમા, જયારે જુનિયર બહેનોની કેટેગરીમાં પ્રથમ ક્રમે ૩૩.૪૦ મિનિટના સમય સાથે વારાણસીની રંજના યાદવ અને જુનિયર ભાઈઓમાં પ્રથમ ક્રમે ૫૬.૪૧ મીનીટ ના સમય સાથે ઉતરપ્રદેશ ના બબલુભાઈ સીસોદિયાએ પ્રથમ ક્રમ હાસિલ કર્યો હતો.

જયારે સીનીયર બહેનોમાં બીજા ક્રમે ઉતરાખંડના મીનાક્ષી નેગીએ ૩૩.૫૫ મીનીટમા ,ત્રીજા ક્રમે ઉતરાખંડના નીધી નેગી ૩૪.૧૯ મીનીટમાં, સીનીયર ભાઈઓમાં બીજા ક્રમે ગુજરાતના નીષાદ લલીતકુમાર ૫૪.૪૪ મીનીટ સાથે, ત્રીજા ક્રમે ગુજરાતના વાઘેલા શૈલેષ મનસુખભાઈ એ ૫૫.૦૭ મીનીટના સમય સાથે, જુનીયર બહેનોમાં બીજા ક્રમે ગુજરાતના ગરચર દીપાલી ૩૫.૧૦ મીનીટ સાથે, ત્રીજા ક્રમે ગુજરાતના કામરીયા જયશ્રી ૩૫.૪૫ મીનીટના સમય સાથે, જુનીયર ભાઈઓમાં બીજા ક્રમે હરિયાણાના હરીકેષ ૫૮.૪૩ મીનીટ સાથે , ત્રીજા ક્રમે બિહારના શશી રાજ ૧ કલાક ૩૧ સેકન્ડ ના સમય સાથે ગિરનાર સર કર્યો હતો.

યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ અને જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત અખિલ ભારત ગિરનાર આરોહણ સ્પર્ધા સવારે ૬-૪૫ કલાકે ભાઈઓના પ્રથમ ચરણની સ્પર્ધાનો કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયા સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરી શુભારંભ કરાવ્યો હતો. ત્યાર પછી બહેનોની સ્પર્ધાનો પ્રારંભ થયો હતો.

કલેકટરશ્રીએ ગુજરાત સહિત દેશભરના સ્પર્ધકોને અખિલ ભારતીય ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા માટે અભિનંદન પણ આપ્યા હતાં.

સનાતનન ધર્મશાળા ભવનાથ ખાતે યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં કાર્યક્રમના અધ્યક્ષ ડેપ્યુટી કમીશનર શ્રી ડી.જે. જાડેજાએ ૧૭મી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં વિજેતા થયેલ અને ભાગ લેનાર દરેક સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી અને ગિરનારને સર કરવાની ખૂબ જ કઠિન ગણાતી આ સ્પર્ધામાં સ્પર્ધકોના જોમ અને જુસ્સાને બીરદાવ્યો હતો. તેમજ તેમણે ગિરનાર સ્પર્ધા અંગે માહિતી આપી હતી.

સનાતન ધર્મશાળા ભવનાથ ખાતે યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી લતાબેન ઉપાધ્યાય, સિવિલ સર્જન ડો.પાલા, આર્યુવેદીક હોસ્પિટલના ચેતનાબેન કોડીનારીયા, ગિરનાર રોપ વેના મેનેજર શ્રી બેદી, પીઆઈ શ્રી આર.કે.પરમાર સહિતના અધિકારીઓના હસ્તે પુરસ્કાર, પ્રમાણપત્ર અને ટ્રોફી આપવામાં આવ્યા હતા.

સમારોહમાં સ્વાગત પ્રવચન જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રીમતી એન.ડી. વાળાએ કર્યુંહતું. સ્પર્ધા દરમિયાન મેડીકલ કોલેજના તબીબો,જિલ્લા વ્યાયામ મંડળના શિક્ષકો,રમતગમત વિભાગના કર્મચારીઓ ઉપરાંત સેવાભાવી સંસ્થાઓ સહયોગી થઈ હતી. આ ઈનામ વિતરણ સમારોહના કાર્યક્રમનુ સફળ સંચાલન ગાયત્રીબેન શર્મા અને નિરાલીબેન સોનીએ કર્યુ હતુ.

અખિલ ભારતીય ગિરનાર સ્પર્ધામાં સિનિયર ભાઈઓ બહેનો અને જુનિયર ભાઈઓ બહેનોની કુલ -૪ કેટેગરીમાં પ્રથમ ક્રમે વિજેતા થનારને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧ લાખનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ઉપરાંત ઉક્ત ચારેય કેટેગરીમાં ટોપ -૧૦માં સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને કુલ રૂ.૧૯ લાખના પુરસ્કાર વિતરીત કરવામાં આવ્યા હતા.

**૧૭મી અખિલ ભારતીય ગિરનાર આરોહણ સ્પર્ધામાં પ્રથમ વખત ભાગ લેનાર ઉત્તરાખંડના દિગંબર સિંઘે રેકોર્ડ તોડ્યો**

૧૭મી અખિલ ભારતીય ગિરનાર આરોહણ સ્પર્ધામાં પ્રથમ વખત ભાગ લેનાર ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના દિગંબર સિંઘે રેકોર્ડ તોડ્યો છે. દિગંબર સિંઘે વીજળીક ઝડપે ૫૩ મિનિટ ૨૮ સેકન્ડમાં ગિરનાર પર્વતના અંબાજી સુધીના ૫૫૦૦ પગથીયા ચડીને ઉતરી ગયા હતાં અને સિનિયર ભાઈઓની સ્પર્ધામાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. દિગંબર સિંઘ કહે છે કે, ગીરનાર આરોહણ સ્પર્ધામાં પ્રથમ વખત ભાગ લીધો અને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે, આ સાથે જે સૌથી ઓછા સમયમાં આ સ્પર્ધા પૂર્ણ કરવાનો વિક્રમ પણ સ્થાપિત થયો છે. તેનો પણ તેણે આનંદ વ્યક્ત કર્યો હતો.

દિગંબર સિંઘ કહે છે કે, હાલ રમત ગમતમાં એથ્લેટિક્સમાં આગળ વધવા માટે કોચ શ્રી રૂપેશ યાદવના માર્ગદર્શનમાં જરૂરી ટ્રેનિંગ લઈ રહ્યો છું, તેમણે જ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રેરિત પણ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, અખિલ ભારતીય ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં જૂનાગઢના લાલા પરમારનો ૫૫ મિનિટ ૩૦ સેકન્ડમાં આ સ્પર્ધા પૂર્ણ કરવાનો રેકોર્ડ હતો.

દિગંબર સિંઘ કહે છે કે, ગુજરાતના લોકો ખૂબ મિલનસાર સ્વભાવના હોય છે, અહીં દરેક બાબતે જરૂરી સહકાર મળ્યો છે અને વહીવટી તંત્રની વ્યવસ્થાઓ પણ બિરદાવી હતી.

**અખિલ ભારતીય ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ઉત્તર પ્રદેશની ત્રણ સગી બહેનોએ ભાગ લીધો : બેએ બાજી મારી**

અખિલ ભારતીય ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ઉત્તર પ્રદેશના વારાણસીની ત્રણ સગી બહેનોએ ભાગ લીધો હતો. જેમાંથી બે બહેનોએ બાજી મારી હતી. પ્રથમ ક્રમે રંજના યાદવ અને ચોથા ક્રમે બંધના યાદવ રહી હતી. પ્રથમ ક્રમે રહેલી રંજના યાદવ કહે છે કે, અખિલ ભારતીય ગિરનાર આરોહણ આવરોહણ સ્પર્ધામાં ચોથી વખત ભાગ લીધો છે, આ પૂર્વેની ૩ સ્પર્ધામાં પણ ટોપ થ્રીમાં સ્થાન મેળવ્યું હતું. પ્રથમ વખત વર્ષ ૨૦૨૨માં ત્રીજો, ૨૦૨૩માં પ્રથમ અને ૨૦૨૪ માં બીજા ક્રમે વિજેતા રહી હતી.

ધોરણ - ૧૧માં અભ્યાસ કરતી રંજના યાદવ વોકીંગ ચેમ્પિયનશિપમાં નેશનલ ખેલાડી રહી છે. તેઓ જણાવે છે કે, રમત ગમત ક્ષેત્રમાં આગળ વધવા માટે એથ્લેટિક્સની તૈયારીઓ કરી રહી છું, જેમાં ખાસ ૩૦૦૦ મીટર વોક રેસમાં આગળ વધવા માટે વિશેષ તૈયારીઓ કરી રહી છું. વધુમાં તેમણે કહ્યું કે, ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાની પૂર્વ તૈયારીઓ માટે કાશી વિશ્વનાથ મંદિર અને ઘાટની સીડી પર પૂર્વ તૈયારીઓ કરી હતી.

રંજના, બંધના અને સાધના યાદવે ગિરનાર આરોહણ સ્પર્ધામાં ભાગ લેવાનો આનંદ વ્યક્ત કરવાની સાથે ગુજરાત અને જૂનાગઢના આતિથ્યને પણ વખાણિયું હતું.

**ગિરનાર સ્પર્ધામાં સ્પર્ધકોને જરૂરી સારવાર આપવા મેડિકલ ટીમ સતત ખડે પગે રહી**

ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ખૂબ કઠિન માનવામાં આવે છે. તેમાં ગંભીર ઈજા થવાની પણ શક્યતાઓ હોય છે. ત્યારે ૧૭મી અખિલ ભારતીય આરોહણ અવરોહણ સ્પર્ધામાં સ્પર્ધકોને જરૂરી સારવાર આપવા માટે મેડિકલ ટીમ સતત ખડે પગે રહી હતી.

મંગલનાથ બાપુની જગ્યા કાર્યરત કરાયેલ સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા સ્પર્ધા પૂર્ણ કરીને આવેલા સ્પર્ધકોને જરૂરી સામાન્ય સારવાર જરૂરી આપવામાં આવી હતી.

ગિરનાર સ્પર્ધામાં સ્પર્ધકોને ક્રેમ્પ્સ, સોજો આવી જવો, નસ ચડી જવી, કે પડી જવાથી છોલાઈ જવું જેવી સામાન્ય ઈજાઓ થઈ હતી. જેથી સિવિલ હોસ્પિટલની મેડિકલ ટીમ દ્વારા સ્પર્ધકોની સારવારની જરૂરિયાત મુજબ દર્દમાં રાહત કરતી પેઈન કિલર, ડાયક્લોફિનાક જેલથી સારવાર કરવામાં આવી હતી. ઉપરાંત દર્દમાં રાહત આપતા બેન્ડીટ (ગરમ પાટા) બાંધી આપવામાં આવ્યા હતા અને જરૂરી ડ્રેસીંગ પણ કરવામાં આવ્યું હતું. આમ, સ્પર્ધકોને જરૂરી સારવાર આપવા માટે મેડિકલ ટીમ સતત ખડેપગે રહી હતી.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની શૈક્ષણિક મુલાકાત લેતા ઈન્ડોનેશીયાનાં બાલી ખાતે આવેલ ઉદયના યુનિ.નાં વૈજ્ઞાનીકો




(પ્રતિનિધિ દ્વારા)

### આંતરારષ્ટ્રીય શૈક્ષણિક સમન્વય થકી વિદ્યાર્થીઓને સંશોધન અને શિક્ષણક્ષેત્રે મળશે વ્યાપક તકો : પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરા

જૂનાગઢ તા.૩

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની ઈન્ડોનેશીયાનાં બાલી ખાતે કાર્યરત ઉદયના યુનિ.નાં વૈજ્ઞાનિકોઓ લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટની મુલાકાત લીધી હતી. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કૂલપતિ પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરાએ ઉદયના યુનિ. બાલીનાં પ્રો.(ડો.) વિરાજણા, અને પ્રો.(ડો.) પુષ્પાવતી અને યુસ્તિકારીની રીચર્સ ટેક્નીશીયનને યુનિ. વતી શાલ પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરી જણાવ્યુ હતુ કે જૂનાગઢનાં આંગણે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની ઉજળી તકો સાથે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. કાર્યરત છે, ત્યારે ઈન્ડોનેશીયાનાં બાલી ખાતેથી રસાયણ વિજ્ઞાન અને જીવવિજ્ઞાન ક્ષેત્રે શૈક્ષણિક અને સંશોધનાત્મક બાબતોથી સંધાન થયે વિદ્યાર્થિઓની સંશોધન અને અભ્યાસલક્ષી પ્રવૃતિઓ વધુ સંગીન અને વેગવાન બનશે.યુનિ.ના રજીસ્ટ્રાર ડો. મયંક સોનીએ બાલીનાં ઉદયના યુનિ.નાં પ્રોફેસરોને આવકાર્યા હતા. લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો.(ડો.) સુહાસ વ્યાસે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. અને ઉદયના યુનિવર્સીટી બાલી(ઈન્ડોનેશીયા) વચ્ચે શૈક્ષણિક સંધાનથી વિદ્યાર્થીઓ પરસ્પર ઉચ્ચ અભ્યાસ માટે ઉપયોગી હોવાની વાત કરી અતિથીઓને આવકાર્યા હતા. આ તકે યુનિ.નાં વિદ્યાર્થીઓ સાથે વાત કરતા ડો. વિરાજણાએ જણાવ્યું હતું કે, જૂનાગઢને ગિરનારની અનેકવિધ ઉપયોગી પુરવાર થાય તેવી વનસ્પતિ સૃષ્ટીની ભેટ ધરી છે ત્યારે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં વિદ્યાર્થીઓ આયુર્વેદા અને જૈવ વિજ્ઞાનક્ષેત્રે વન્યસૃષ્ટીની અભ્યાસકીય પ્રવૃતિઓ અમારી ઉદયના યુનિ. માટે પણ માર્ગદર્શક બનશે. ડો. પુષ્પાવતીએ ભારતનાં ગુજરાત પ્રદેશે વર્ષનાં અલગ અલગ દિવસોમાં બદલાતા હવામાન અને સુકા પ્રદેશોની વાત ટાંકીને જણાવ્યુ હતુ કે જૈવ વિજ્ઞાન ક્ષેત્રે મળેલ અભ્યાસલક્ષી તકો અમારા બાલી પ્રદેશ માટે માર્ગદર્શક બની શકે તે જ રીતે અમારા સમુદ્ર તટીય ભેજયુક્ત હવામાનમાં વનસ્પતિની ઉપયોગિતા અને જૈવ વિજ્ઞાનક્ષેત્રે થતા સંશોધનો ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ના છાત્રોને ઉપયોગી બની શકે છે. યુનિ.નાં શોધ સ્કોલર્સ, પીએચ.ડી.નાં સંશોધકો, પ્રાધ્યાપકગણ સાથે બાલીનાં ઉદયના યુનિ.નાં પ્રધ્યાપકગણે અભ્યાસલક્ષી ગોષ્ઠી કરી પરસ્પર શૈક્ષણિક સંશોધનો બાબતે જાણકારી મેળવી હતી. ડો. દુષ્યંત દુધાગરાએ સમગ્ર પ્રવાસનું સંકલન કર્યુ હતુ. આ તકે ડો. રાજેશ રવિયા, ડો. જતિન રાવલ, ડો.સંદિપ ગામિત સહિત અધ્યાપકો ઉપસ્થિત રહી યુનિ.નાં શૈક્ષણીક કાર્યથી અવગત કર્યા હતા.

## ગાયત્રી શકિતપીઠ મંદિરમાં ડોમ માટે ચંદ્રિકાબેન નાનજીભાઈ જોશી દ્વારા રૂા.૭૫,૦૦૦/- નું દાન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢની ખૂબ જ જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢની પ્રેરણાથી રાજકોટ નિવાસી ચંદ્રિકાબેન નાનજીભાઈ જોશી હસ્તે ભરતભાઈ લાખાણી તરફથી ગાયત્રી શક્તિપીઠ મંદિરમાં ડોમ બનાવવાના હેતુથી રૂપિયા ૭૫૦૦૦/- નો ચેક અર્પણ કરેલ હતો. જે ખરેખર પ્રશંસનીય છે. આ તકે ગાયત્રી શક્તિપીઠ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી નાગબાપુ વાળા તથા મનસુખભાઈ વાજાએ દાતા ચંદ્રિકાબેન નાનજીભાઈ જોશીનો આભાર માને છે અને આવાં સત્કાર્યો તેમના હાથે સતત થતા રહે તેવું જણાવેલ હતું.

## પોરબંદર ટ્રાફીક પોલીસ દ્વારા આદિત્યાણા ગામ ખાતે રોડ સેફટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

ગોસા(ઘેડ) તા.૩

પોરબંદર ટ્રાફીક પોલીસ દ્વારા માર્ગ સલામતી માસ ઉજવણી અંતર્ગત પોરબંદરના આદિત્યાણા ગામ ખાતે રોડ સેફ્ટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો. પોરબંદર પોલીસ અધિક્ષક શ્રી ભગીરથસિંહ જાડેજા સાહેબના ઓની સૂચના તથા માર્ગદર્શન હેઠળ પરવાહ (CARE) રાજ્યવ્યાપી માર્ગ સલામતી અભિયાન-૨૦૨૫ અંતર્ગત આજ રોજ પોરબંદર ના આદિત્યાણા ગામ ખાતે રોડ સેફ્ટી અવેરનેસ કાર્યક્રમ કરવામાં આવેલ. જેમાં વાહનચાલકો તથા રાહદારીઓને અકસ્માતો વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ, જોખમી રીતે ઓવરટેક કરવો, રોંગ સાઈડ ડ્રાઈવીંગ, ખોટી રીતે પાર્કિંગ કરવું, ઓવરસ્પીડથી વાહન ચલાવવું, બે વાહન વચ્ચે અંતર ન રાખવું, થાકેલી કે ઉંઘની સ્થિતિમાં વાહન ચલાવવાથી થતાં હોવાની જાણકારી આપવામાં આવેલ હતી. ત્યારબાદ વાહન અકસ્માતમાં માથા, મગજ અને ગળાની ઈજાથી થતા મૃત્યુથી બચવા માટે ટુ વ્હિલર ચાલકે હેલ્મેટ અવશ્ય પહેરવો જોઈએ, કાર ચલાવતી વખતે સીટ બેલ્ટનો ઉપયોગ કરેલ હશે તો અકસ્માત સમયે માથા,છાતી અને બીજા શારીરિક અંગોને થતી સંભવિત ઈજાઓની તીવ્રતા ઘટાડી શકાય છે. ચાલુ વાહને મોબાઈલ ફોનના ઉપયોગથી માર્ગ પર ધ્યાન ભંગ થાય છે અને ડ્રાયવીંગ જજમેન્ટને અસર પહોંચે છે જેને કારણે અકસ્માત થવાની સંભાવના વધી જાય છે, ઓવર સ્પીડ ડ્રાયવીંગ અનેક અકસ્માત તથા મૃત્યુના કારણ બને છે. ઓવરસ્પીડ વાહન ચલાવતી વખતે વાહન પર કાબૂ કરવો મુશ્કેલ થઈ જાય છે. અચાનક બ્રેક મારવાની જરૂર પડે તો સ્લીપ થવાની શક્યતા વધી જાય છે વિગેરે ટ્રાફિક નિયમોની વિસ્તૃત માહિતી આપેલ બાદ ટ્રાફિક નિયમો લખેલી પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કામગીરીમાં ટ્રાફિક પી.એસ.આઈ.કે.બી.ચૌહાણ, એ.એસ.આઈ.બી.કે.ઝાલા, પો.કોન્સ.સંજયભાઈ દુર્ગાઈ તથા ટીઆરબી જવાનો જોડાયા હતા.

## જૂનાગઢની જાણીતી શૈક્ષણિક સંસ્થા પુષ્ટિસંસ્કાર સ્કૂલ ખાતે સૃષ્ટિ ૨૦૨૫ અંતર્ગત વિજ્ઞાન, કલા અને સાંસ્કૃતિક મેળાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

**આપણા સનાતન ધર્મ, કલાઓ અને હાલની વૈજ્ઞાનિક ટેકનોલોજીની સમાજને તથા સંપૂર્ણ રાષ્ટ્રને તાતી જરૂર પડશે, એ અનુસંધાને સૃષ્ટિ જેવા કાર્યક્રમોનું સતત આયોજન કરવું જરૂરી છે : ગો.પુ.પીયૂષબાવાશ્રી**




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

ગરવા ગિરનારની ગોદમાં ટીંબાવાડી ખાતે ૨૦૨૦થી શ્રીપીયૂષબાવાશ્રીના માર્ગદર્શન હેઠળ નવનિર્માણ પામેલ પુષ્ટિસંસ્કાર સ્કૂલમાં સંસ્કાર,સંસ્કૃતિ એવં શિક્ષણના ત્રિવેણી સંગમને એકત્રિત કરી વિદ્યાર્થીઓની સુષુપ્ત સર્જનશક્તિને પ્રકાશિત કરવા દ્વિ - દિવસીય સૃષ્ટિ-૨૦૨૫ અતર્ગત વિજ્ઞાન, કલા અને સાંસ્કૃતિક મેળાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તારીખ ૧-૨-૨૦૨૫ શનિવારના દિવસે પુ.શ્રીપીયૂષબાવાશ્રી, પુ.શ્રીવ્રજવલ્લભબાવાશ્રી, તેમજ જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, નરસિંહ મહેતા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો.ડો. અતુલભાઈ બાપોદરા, નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઈતિહાસ વૈદિક વિભાગના પ્રો.ડો. વિશાલભાઈ જોષી તેમજ બહાઉદીન સાયન્સ કોલેજના પ્રિન્સીપાલ પ્રો.ડો. આર.પી. ભટ્ટ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં સૃષ્ટિ-૨૦૨૫ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ‘સૃષ્ટિ-૨૦૨૫’માં વિજ્ઞાન, ગણિત અને રોબોટને લગતા શ્રેષ્ઠ પ્રયોગો જેમ કે, જૂનાગઢ ટુરીઝમ, ઓકસિજન પાર્ક, સ્માર્ટ ફાર્મ અને ઈરીગેશન સીસ્ટમ, સ્માર્ટ ગ્લાસીસ, ક્લાઈમેટ ચેંજ, એનીમલ વેલફેર, એગ્રીકલ્ચર ઓન માર્સ, મેથ્સ સેપ, વેઈટ કેલ્ક્યુલેટર, મેજિક સ્કવેર, બ્લુટુથ કાર, ફાયર ફાઈટીંગરોબોટ, સ્કેચ ગેમ, અડાસ કાર, સર્વિલેન્સ કાર વગેરે તેમજ કલા વિભાગમાં A.I. વિથ આર્ટ, સેવ મધર નેચર, આર્ટ ફોર્મ ઓફ ઈન્ડિયા, આર્ટ એ જ કેરિયર, હીટ ઈન્ડિયા ફીટ ઈન્ડિયા વગેરે તથા કલ્ચર વિભાગમાં આપણી સનાતન સંસ્કૃતિ તથા સંસ્કારને સાથે લઈ આપણા વૈજ્ઞાનિક ઋષિમુનીઓ તથા એમના વૈજ્ઞાનિક આવિષ્કારો, અઢાર પુરાણોનો સાર, ધાર્મિક ગ્રંથોનો પરિચય, શ્રીમદ્ ભગવદ્ ગીતા સાર, કાલગણના તથા આપણો સાંસ્કૃતિક વારસો વગેરે વિષયોનો સમાવેશ કરવા આવ્યો હતો. આ તકે પુષ્ટિસંસ્કાર સ્કૂલના અધિષ્ઠાતા અને માર્ગ દર્શક પુ. શ્રીપીયૂષબાવાશ્રીએ આ તકે આશીર્વચન આપતા જણાવ્યું હતુ કે “આપણા સનાતન ધર્મ, કલાઓ અને હાલની વૈજ્ઞાનિક ટેકનોલોજીની સમાજને તથા સંપૂર્ણ રાષ્ટ્રને તાતી જરૂર પડશે ; એ અનુસંધાને સૃષ્ટિ જેવા કાર્યક્રમોનું સતત આયોજન કરવું જરૂરી છે.” તે બાબત ઉપર ભાર મુક્યો હતો. જયારે ઉપસ્થિત મહાનુભવોએ સંસ્થા દ્વારા એક સુંદર મજાના કાર્યક્રમને સફળ રીતે યોજવા બદલ આયોજકોની સરાહના કરી હતી તેમજ વિવિધ વિભાગમાં કૃતિ દર્શાવનારા વિદ્યાર્થીઓને શાબાશી આપી હતી તેમજ તેઓ વધુને વધુ આગળ વધે તેવી શુભેચ્છાઓ પણ પાઠવી હતી. બે દિવસ દરમ્યાન ચાલેલા આ કાર્યક્રમમાં પુષ્ટિસંસ્કાર સ્કૂલમાં જૂનાગઢ તેમજ અન્ય નગર તથા અન્ય શાળાઓમાંથી બહોળી સંખ્યામાં અતિથિઓએ અને વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી તેમજ સુંદર આયોજનના પ્રથમ સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રિન્સીપાલ સ્મિતાબેન ધનેશા તથા પ્રધાનશાસ્ત્રીજી ભાર્ગવ પંડયાના માર્ગદર્શન હેઠળ પુષ્ટિસંસ્કારસ્કૂલ પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠવામાં આવી હતી.

### ભાજપ એટલે ભા... હવે જપ...જૂનાગઢ શહેરને ભ્રષ્ટાચાર, ખરાબ રસ્તા અને વિકાસને બદલે વિનાશની ભેટ આપનાર

# ભાજપને એક નહીં પણ ત્રણ તક આપી - બસ હવે બહુ થયું

જૂનાગઢ તા. ૩

જૂનાગઢ મનપાની આગામી તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનારી ચૂંટણી આ વખતે આશ્ચર્યજનક પરીણામ લાવનારી બની રહેશે તેમજ ખાસ કરીને કોર્પોરેશનનું રાજ મેળવવું ભાજપ માટે ખૂબજ અઘરૂ બની જવાનું છે કારણ કે જૂનાગઢનાં મતદારો આજે ખૂબજ નારાજ છે અને પરીવર્તન કરવાના મુડમાં રહેલા છે.

જૂનાગઢ મનપાનું શાસન એકવાર નહીં પરંતુ ત્રણ વાર ભાજપનાં હાથમાં આવ્યું છે લોકોને એવી આશા હતી કે જૂનાગઢ શહેરનો વિકાસ થાય આપણું આ શહેર અન્ય મહાનગર માફક શ્રેષ્ઠ બની જશે પરંતુ આ આશા નિષ્ફળ નીવડી. જૂનાગઢ સાવ ખાડે ગયું તેમાંય ભાજપની ગત બોડીના પદાધિકારીઓએ આ શહેર માથે અત્યાચાર કરવામાં કાંઈ બાકી રાખ્યુ નથી, વિકાસને બદલે વિનાશ, ભ્રષ્ટાચાર, ખરાબ રસ્તા અને અણઘડ વહીવટ જાણે ભાજપનાં કહેવાતા નેતાઓની શાન બની ગયા હોય તેમ જાણે માથે કોઈ કહેના ન હોય તે પ્રમાણે અણઘડ વહીવટ ચલાવ્યો છે. લોકો ભાજપનાં છાપેલા કાટલાથી ત્રાહીમામ પોકારી ગયા છે લોકોની ફરીયાદો મુખ્યમંત્રી સુધી પહચી અને તેઓએ પણ નગરજનોની ફેવરમાં આદેશો કર્યા પરંતુ ભાજપનાં જૂનાગઢનાં નેતાઓ પોતાની જાતને કદાવર નેતા ગણતા આવા લોકો મુખ્યમંત્રીને પણ ગાંઠીયા નહી અને પોતાની મન માની કર્યે રાખ્યા (નગરજનો તમે વિચારો જો મુખ્યમંત્રીને દાદ ન દેતા હોય તો મતદારોનું શું ગજુ !) અને શહેરને નર્કાગારમાં ફેરવી નાખ્યું. જૂનાગઢ શહેરના મોટાભાગનાં વિસ્તારોની ખૂબજ ખરાબ અને દયાજનક હાલત ગત ભાજપનાં શાસનમાં બની આવું શા માટે થયું ? કોના કારણે થયું ? એ જૂનાગઢનાં નગરજનો જાણે છે અને હવે. આવા નઠારા લોકોનો વિરોધ છેલ્લા કેટલાક સમય થયા ખુલ્લેઆમ કરવામાં આવ્યો અને જેના પરીણામે ભાજપે ટીકીટ ફાળવણીમાં ખેલ પાડયો પરંતુ તેમ છતાં ભાજણે કયાંક તો નમતું જોખવું પડયું છે. આજે જયારે જે લોકોને ભાજપે ટીકીટ આપી છે તેવા ઉમેદવારોમાંથી મોટાભાગનાં ઉમેદવારોને છેલ્લી ત્રણ ટર્મની ભાજપની બોડીમાં કયાંક ને કયાંક કોઈ પદ ઉપર અથવા તો 'નગરસેવક' તરીકે જોયા છે અને નગર સેવક તરીકેની કેવી કામગીરી તેઓ કરી શકયા છે તેનાથી પણ જનતા પરીચીત છે આ તકે એકવાત ખાસ જણાવવી પડે કે જો ભાજપનું કાર્યાલય અફલાતુન બની શકે તો જૂનાગઢનો વિકાસ અને રસ્તાઓ શું કામ ન થાય ? એ વિચારવાનો સમય આવી ગયો છે.

જૂનાગઢના મતદારો છેલ્લા ૧૫ વર્ષ થયા તમે એક તક ભાજપને નહીં પરંતુ ત્રણ તક આપી છે ત્યારે બસ બહુ થયું હવે એક તક અન્ય પક્ષને આપવાની જરૂર છે એટલે કે માનસીકતા બદલી અને હરીફ ઉમેદવાર કોઈપણ પક્ષનો હોય તો તેને વિકલ્પ તરીકે પસંદ કરવામાં જરાય ખોટું નથી. ૧૫ વર્ષ ભાજપને તક આપી અને ધુળ, ઢેફાને ખાડા મળ્યા છે ત્યારે હવે પક્ષનાં નામે ભાજપ ઉપર વિશ્વાસઘાત કરવો યોગ્ય છે ખરો ? આ સવાલ તમારી જાતને પુછોલ અને આ વખતની ચૂંટણીમાં સત્તા પરીવર્તન એજ સાચો માર્ગ છે તે પ્રમાણે નિર્ણય લેજો કારણ કે આવેલી તક ગુમાવશો તો ફરી પાછા પાંચ વર્ષ કયાંય ના નહી રહો તેમજ તમે તો કાંઈ કરી ન શકયા અને તમારી પાછલી પેઢીને પણ માઠા ફળ ભોગવવા પડશે માટે આ વખતની મનપાની ચૂંટણીમાં સત્તા પરીવર્તનનો મુખ્ય મુદો બનાવવા સર્વત્ર લાગણી પ્રવર્તી રહી છે.

## જૂનાગઢ મનપાની ચૂંટણી માટે ભાજપ દ્વારા ટીકીટ ફાળવણી મુદે ભારોભાર અન્યાય

### ડોકટર, વકીલ, શિક્ષણવિદ્, સેવાભાવીઓ, ઉધોગપતિઓને ટીકીટ આપવાને બદલે કેટલાક ઉમેદવારોને તો પ્રજા ઓળખતી નથી તેવાને ટીકીટ આપી ભાજપે આફત નોતરી

જૂનાગઢ તા. ૩

જૂનાગઢ મનપાની આગામી યોજાનારી ચૂંટણી માટેનો રણસંગ્રામ વધુને વધુ વેગવંતો બની રહયો છે અને આ સાથે મનપા ચૂંટણી સંગ્રામ આરપારની લડાઈનો બની જવાની સંભાવના વધી રહી છે. ઉમેદવારોની પસંદગીમાં રીપીટ, પરીવારવાદ, વ્હાલા દવલાની નીતિ, તેમજ કોઈને સાચવવા માટે જાણી જોઈને એક યા બીજા બહાના હેઠળ જનસંઘથી લઈ ભાજપ સાથે જોડાયેલા નિષ્ઠાવાન કાર્યકર્તાઓને ટીકીટ ન આપી અને તેઓને હટાવી દેવામાં આવ્યા હોવાની લાગણી સાથે ભારે અસંતોષ વ્યાપી ગયો છે. આ ઉપરાંત વિવિધ જ્ઞાતિ સમાજોની પણ કયાંકને કયાંક નારાજગી પ્રગટ થઈ રહી છે. ટીકીટ ફાળવણીનો મુદો ભાજપ માટે અસંતોષની આગનો ભડકો બને તેવા એંધાણ મળી રહયા છે. જૂનાગઢ શહેરમાં અનેક સેવાભાવી મંડળો, સોવભાવી વ્યકિતઓ તેમજ ઉદ્યોગક્ષેત્રે આગળ પડતું નામ ધરાવતા વિવિધ જ્ઞાતિઓનાં અગ્રણીહઓ તેમજ ડોકટર, વકીલ, એન્જીનીયર, શિક્ષણશાસ્ત્રી, બિલ્ડરો સહિતનાં આ શહેરને રળીયામણું અને વિકાસશીલ શહેર બનાવવા માટે સંપૂર્ણ સહયોગ આપી શકે અને નર્કાગારમાં ફેરવાઈ ગયેલા આ શહેરને સુંદર મજાનું શહેર બનાવી શકે તેવા સમાજનાં સાચા હીત ચિંતકોને ટીકીટ આપવાનાં બદલે ભાજપે ટીકીટ ફાળવણી મુદે ભારે અપસેટ સર્જી દીધો છે. એટલું જ નહી કેટલાક એવા 'નમુના'ને ટીકીટ ફાળવી છે કે જેઓને માર્કેટમાં કોઈ ઓળખતુ નથી અને વોર્ડના મતદારો પણ નામથી પણ ઓળખતા નથી તેવા ચહેરાઓને ટીકીટ આપવાથી ભાજપ માટે મનપાની ચૂંટણી કપરા ચડાણ સમી બની જવાની છે. ભાજપનાં ગત શાસનથી ત્રાસી ગયેલી જૂનાગઢની જનતા સામે ભાજપે સામા પુરે તરવું પડશે અને પરાજયની થપાટ સહન કરવી પડે તેવો માહોલ સર્જાયો છે.

### સમગ્ર જૂનાગઢ શહેરને નર્કાગારમાં ફેરવી નાખવાની મુખ્ય ભૂમિકા ભજવનારા

# હરેશ પરસાણાનાં મિડીયાને બદનામ કરતા બકવાશ સામે રોષ




જૂનાગઢ તા. ૩

જૂનાગઢ મહાનગરપાલિકાનાં પૂર્વ સ્ટેન્ડીંગ કમીટીનાં ચેરમેન હરેશ પરસાણાએ મિડીયા વિરૂધ્ધ ઝેર ઓકતા આખરે પગમાં રેલો આવતા પોતાનો બચાવ કરતું નિવેદન તાત્કાલીક આપતા આ સમગ્ર મુદો ચર્ચાને એરણે ચડયો છે. હરેશ પરસાણાને થુંકેલુ ચાટવું પડયું હોવાનાં બનાવનાં પગલે શહેરભરમાં આ મુદો ટોક ઓફ ધી ટાઉન બની ગયો છે.

## મિડીયાની જયારે જરૂર પડે ત્યારે બોલાવો અને ફરીયાદો ઉઠે ત્યારે દોષનો ટોપલો મિડીયા પર ઢોળવાની જાણે ફેશન બની ગઈ છે

જૂનાગઢ તા. ૩

જૂનાગઢમાં જાણે હવે એક ફેશન બની ગઈ હોય તેમ લાગે છે. પોતાનાં શાસનની તેમજ કામગીરીની પ્રશંસા કરવી હોય, વખાણ કરવા હોય અને જયારે પણ પ્રસિધ્ધિની જરૂર હોય ત્યારે મિડીયાને બોલાવી લેવામાં આવે છે.

જયારે ગરજ પતી એટલે વૈદ્ય વેરી જેવો ઘાટ સર્જાય છે. જૂનાગઢ શહેરમાં કાયમને માટે ખરાબ કામ થયું હોય તો મિડીયાને આંખે કરવામાં આવે છે. અને જો સારી કામગીરી પછી જો અન્યએ કરી હોય તો પણ તે અમારા મારફત કરવામાં આવી રહી હોવાનો જશ લેવા જતાં આ નિવેદનીયા નેતાઓને અને વારંવાર પોતાની રણનિતી બદલતા બોલ્યું ફરી જતાં આવા નેતાઓને હવે મિડીયાનાં મિત્રોએ પણ ઓળખી જવાની જરૂર છે. અને સમય આવ્યે તેને મિડીયાએ પણ લાત મારવી જ પડશે તો જ આવા લોકોની શાન ઠેકાણે આવશે તેવું મિડીયામાં ચર્ચાય છે.

જૂનાગઢ મહાનગરપાલિકાની ચુંટણીનાં અનુસંધાને ઉમેદવારી પત્રક ભરવા જવાનાં પ્રસંગે વિજય વિશ્વાસ સમારોહનું ભાજપે આયોજન કર્યુ હતું. અને આ તકે ઉપસ્થિત ભાજપનાં કાર્યકર્તાઓમાંથી મનપાનાં પૂર્વ સ્ટેન્ડીંગ કમીટીનાં ચેરમેન હરેશ પરસાણાએ એવું નિવેદન જારી કર્યુ હતું કે પાંચ વર્ષમાં એટલે કે ગત ભાજપનાં શાસન દરમ્યાન આપણે કામ કરેલા છે પરંતુ મિડીયા આપણને ખોટી રીતે ચિતરી રહેલ છે તેવું સ્ફોટક નિવેદન આપતાં મિડીયા વર્તુળમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો હતો. તે સાથે જ હરેશ પરસાણાનાં આ નિવેદનનો વિડીયો વાયરલ થયો હતો. તો સાથે સાથે જૂનાગઢનાં સાંસદ રાજેશ ચુડાસમાએ લોકસભાની ચુંટણી વખતે પ્રજા સમક્ષ જે નિવેદન આપ્યું હતું તે એ હતું કે ગત પાંચ વર્ષમાં અમારી ઘણી ઘણી ભુલો અને ઘણા કામો થઈ પણ શકયા ન હોય અને કયાંક અમે ઉણા ઉતર્યા હોવાનો એકરાર પ્રજા સમક્ષ કર્યો હતો. એક તરફ હરેશ પરસાણા મિડીયા પર દોષનો ટોપલો ઢોળી દે છે તો બીજી તરફ સાંસદ રાજેશ ચુડાસમા લોકોનાં કામ કરવામાં કચાશ રહી ગઈ હોવાનો જાહેરમાં એકરાર કરતો હોવાન દિવસ દરમ્યાન આ બંને વિડીયા સોશ્યલ મિડીયા પર વાયરલ થયા હતાં. અને સતત ચર્ચામાં રહયા હતાં. આ દરમ્યાન હરેશ પરસાણાએ જે નિવેદન કર્યુ હતું તેનાં ગણતરીનાં કલાકોમાં જ ફરી એકવાર હરેશ પરસાણાએ મિડીયા સમક્ષ જાહેર કર્યુ હતું કે તેઓનો ઈશારો અને સ્પષ્ટ નિવેદન માત્રને માત્ર સોશ્યલ મિડીયા તરફ હતો. અને ભુલથી મિડીયા વિષે કહેવાઈ ગયું હોવાનો એકરાર કર્યો હતો. આમ હરેશ પરસાણાએ ગણતરીનાં કલાકોમાં જ થુંકેલુ ચાટયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે જૂનાગઢ મનપામાં શાસન કરતાં કોઈપણ પક્ષ હોય અને પ્રજાની એરણે જો તે ખરા ઉતર્યા હોય અને કાર્યો જો થયા જ હોય તો તેનાં વિષે સારૂ લખવા માટે મિડીયા કયારેય પક્ષપાત કરતું નથી. અને જો શાસક ગમે તેવો ચમરબંધી હોય તો પણ તેનાં કૃકૃત્ય અંગે લખવામાં પણ પાછીપાની કરશે નહી. મિડીયાને સૌથી મહત્વની વસ્તુ પ્રજાકીય કાર્યો અને જૂનાગઢ શહેરનો વિકાસને પ્રાધ્યાન આપવામાં આવી રહયું છે. અને તેમાં ગત પાંચ વર્ષનાં શાસનમાં એટલે કે ભાજપનાં શાસનકાળમાં નિવેદનીયા નેતાઓએ સમગ્ર જૂનાગઢને સુવર્ણ યુગમાંથી નર્કાગારમાં પલ્ટાવી નાંખ્યું છે. પ્રજા જાણી ચુકી છે કેવો અંધેર વહીવટ કોણે કર્યો છે. અને હરેશ પરસાણા આ મિડીયાનાં માધ્યમથી તમે ખાસ કહેવાનું કે આજથી પંદર વર્ષ પહેલા તમારી શું સ્થિતિ હતી ? તમારો ભુતકાળ કેવો હતો ? તમે કઈ રીતે શાસનમાં રહયા અને કેવી કેવી પાપલીલાઓ કે વહીવટ કર્યા છે તે અંગે જનતા પણ જાણે છે. મિડીયા પણ જાણે છે. એટલે વધુ કહેવાની કાંઈ જરૂર નથી. અમારો તો એટલે કે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક તો સત્યનું કાયમને માટે આગ્રહી રહયું છે. અને ખોટુ કર્યુ હોય અથવા તો ભ્રષ્ટાચાર વિરૂધ્ધનાં જંગમાં આ અખબાર સતત મોખરે રહીને કામ કરતું રહયું છે. અને મિડીયાનાં અન્ય મિત્રો પણ પોતપોતાની ફરજ બજાવતા હોય છે. મિડીયાનો ધર્મ એ છે કે સાચી વાત લોકોની સમક્ષ મુકવી. અને મિડીયા તે ફરજ બજાવે છે. એનો મતલબ એ નથી કે મિડીયા જુઠી વાતો ફેલાવે છે. એટલે આવા નિવેદન કરતા પહેલા તમારા ભુતકાળને પણ ધ્યાને રાખી અને નિવેદન કરવા જોઈએ. જેથી ફરી પસ્તાવાનો વારો ન આવે.

**અને છેલ્લે..**

જૂનાગઢ શહેરનું મિડીયા દાયકાઓથી એક જ નિતી નિયમ મુજબ ચાલે છે અને આજે આટલા વર્ષો થયા ત્યારે પણ પોતાની નિતી બદલાવી નથી. મિડીયા તો તેનું કામ યોગ્ય રીતે કરે છે.

### જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પૂર્વ મેયર

# ધીરૂભાઈ ગોહેલના પુત્ર વિવેક ગોહેલ સહિત કડિયા સમાજને એકપણ ટિકીટ નહી આપતા રોષનો દાવાનળ

### કડિયા સમાજના આગેવાનો દ્વારા વડાપ્રધાન મોદી સહિત ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગીમાં વ્હાલાદવલાની નીતિ અપનાવી અને કેટલાને સાચવવા માટે અન્ય સમાજને ભારે નારાજ કર્યો હોવાનું બહાર આવેલ છે. જૂનાગઢ મનપાના પૂર્વ મેયર ધીરૂભાઈ ગોહેલના પુત્ર વિવેક ગોહેલે ભાજપમાંથી ચૂંટણી લડવા માટે ટિકીટ માંગી હતી પરંતુ યેનકેન પ્રકારે તેને ટિકીટ આપી નથી. એટલું જ નહી જૂનાગઢ મહાનગર તેમજ સંસદીય અને વિધાનસભા વિસ્તારમાં પણ કડિયા સમાજનો બહુ મોટો વર્ગ છે અને સારા એવા મતો છે. અવાર-નવાર સંસદ હોય કે ધારાસભાની બેઠક કે પછી જૂનાગઢનું મનપાનું શાસન કબ્જે કરવા માટે આ સમાજનો ઉપયોગ તેમાંય ખાસ કરીને સ્વ. ધીરૂભાઈ ગોહેલનો પણ અગાઉની ચૂંટણીમાં ઉપયોગ કર્યો અને આ વખતની ચૂંટણી માટે તેમના પુત્ર વિવેક ગોહેલ તેમજ કડિયા સમાજને એક પણ ટિકીટ ન ફાળવતા રોષનો દાવા નળ ઉઠવા પામ્યો છે અને આ બાબતે ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરવામાં આવી છે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર કડિયા સમાજને જૂનાગઢ કોર્પોરેશનમાં ભાજપ દ્વારા એક પણ ટિકિટ ન આપતા અન્યાય કરવામાં આવતા રોષની લાગણી ઉઠવા પામી છે. ગત ૨૦૧૯માં ભાજપને ૫૪ સીટ જીતાડનાર વોર્ડ નંબર ૯માં અગાઉથી જ મેયરની જાહેરાત કરી ધીરૂભાઈ ગોહેલનો ઉપયોગ કરી સંપૂર્ણ બહુમતી હાંસલ કરી હતી. દરમ્યાન આ વખતની ચૂંટણી માટે વોર્ડ નંબર ૯માં ધીરૂભાઈના પુત્ર અને કડિયા સમાજના પ્રમુખની ઓબીસીની ટિકિટ કાપી વોર્ડ નંબર ૧૦ના ઉમેદવાર વોર્ડ નંબર ૯ માં લાવવામાં આવ્યા છે. અન્ય વોર્ડમાં પણ જેમકે ૧૦, ૧૩ અને ૧૪માં કડિયા સમાજને અંધારામાં રાખી ટિકિટ કાપવામાં આવી છે. વધુમાં પૂર્વ ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચાની વોર્ડ નંબર ૧૦માં વર્ષોથી સીટ છે. તો તેમના પુત્રને વોર્ડ ૧૦માં ટિકીટ આપવાને બદલે વોર્ડ ૯માં લાવી શહેર ભાજપ પ્રમુખ અને ગિરિશભાઈએ કડિયા સમાજનું રાજકારણ પૂરૂ કરવાનો પ્રયત્ન કરેલ છે તેવી જોરશોરથી ચર્ચા ઉઠી છે. આ ઉપરાંત માણાવદર વિધાનસભામાં ૧૭,૦૦૦થી વધુ, વિસાવદર વિધાનસભામાં ૧૨,૦૦૦થી વધુ મતો કડિયા સમાજના મતો હોય, આ બધી જગ્યાએ કડિયા સમાજના આગેવાનોનો રાજકીય લાભ ધારાસભ્યો, સાંસદ સભ્ય લેતા હોય ત્યારે જૂનાગઢ મહાનગરમાં કડિયા સમાજની ઉપેક્ષા કેમ કરવામાં આવી છે તેવો સવાલ આજે સળગતી કાંડી માફક ઉઠવા પામ્યો છે. સૈધ્ધાંતિક અને શિસ્તબધ્ધ પક્ષ ગણાતા ભાજપની અને શહેર ભાજપ પ્રમુખ પુનીત શર્માની એવી તો કઈ મજબૂરી હતી કે ગિરીશ કોટેચાના પુત્રને સાચવવા માટે કડિયા સમાજના સક્ષમ ઉમેદવારો સહીત તેના પ્રમુખની ટિકિટ કાપી નાખવામાં આવી ? આ ઉપરાંત ભાજપ પ્રમુખ દ્વારા પણ લોહાણા સમાજ અને કડિયા સમાજને સામ-સામે કરી ક્યાંક બંનેનું રાજકારણ તો પૂરૂ કરવાના મૂડમાં તો નથી ને ? તેવો સવાલ પણ આજે ઉઠવા પામ્યો છે. આ સાથે એવો પણ સવાલ ઉઠયો છે કે, કડિયા સમાજ મોટો કે ગિરીશ કોટેચા અને તેનો પુત્ર પાર્થ મોટો ? અને જેને લઈને વોર્ડ ૯ અને ૧૦ની સ્થિતિ મુશ્કેલજનક બની રહી છે. હવે ભાજપ શહેર પ્રમુખ, પૂર્વ ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચા અને ખાસ તો સાથે સાથે કડિયા સમાજે પણ વિચારવું રહ્યું કે કડિયા સમાજના લોકો કાયમી ભાજપ સાથે જ છે ત્યારે ગીતાજીમાં કહ્યું છે તેમ હણે એને હણવામાં પાપ નહી આ નીતિ રીતિ આવનારા સમયમાં સાબિત થાય છે કે કેમ ? તે જોવાનું રહ્યું છે. કડિયા સમાજને જૂનાગઢ કોર્પોરેશનમાં એક પણ ટિકિટ ન આપતાં કડિયા સમાજના આગેવાનો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિતભાઈ શાહ, પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સહીત સંગઠન મહામંત્રી રત્નાકરજીને આ અન્યાય અંગે રોષ ઠાલવી સમાને ન્યાય આપવા વિસ્તૃત પત્ર પાઠવી અને રજુઆત કરવામાં આવતા સનસનાટી મચી જવા પામી છે.


સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ
મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.
સીંગતેલ લેવા માટેનું સ્થળ :
ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન






ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીક્સના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો


